|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||



**Shrinathji Suhamana :** A collection of rare 'Dhola padas', 'Garbo' (devotional songs in Gujarati) and Sanskrit Poems on Gangaji and Yamunaji, composed by H. H. Go. Shri Jiwanji Maharaja (the then Reigning Religious Head) of Mota Mandir - Mumbai. Annotation / Notes in Gujrati on the devotional songs and Vrajbhasha commentary on the Sanskrit poems are authored by Pandit Shri Gattulalaji.

॥ ધર્મે નાસ્તિ ભયં ક્વચિત્ ॥

# શ્રીનાથજી સુહામણા



(શ્રીજીવનજીમહારાજવિરચિત ધોલ, ગરબો અને બે સંસ્કૃત કીર્તન)

પ્રકાશક

**શ્રીગોવર્દ્ધનેશ પ્રકાશન મંડળ**

(મુંબઈ)

નાથદ્વારા શૈલીમાં સમાલિખિત શ્રીનાથજીનું ચિત્ર.
ચિત્રકાર – શ્રીઝગડુજી (મોટા મંદિર–મુંબઈ)

|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યવંશાવતંસ
પૂ. પા. ગો. ૧૦૮ શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજશ્રી (મોટા મંદિર-મુંબઈ)ની
આજ્ઞાથી પ્રકાશિત

# શ્રીનાથજી સુહામણા

બૃહન્મંદિરાધીશ્વર નિ. લી. પૂ. પા. ગો. ૧૦૮ શ્રીજીવનજી મહારાજશ્રી કૃત દુર્લભ ધોળ પદો, ગરબો અને શ્રીગંગાજી તથા શ્રીયમુનાજીનાં સંસ્કૃત કીર્તન-ગટ્ટૂલાલાજી નામથી સુપ્રસિદ્ધ પંચનદિ-શ્રીગોવર્દ્ધનલાલાજી કૃત ટિપ્પણ સહિત.

✻ પ્રકાશક ✻

શ્રીગોવર્દ્ધનેશ પ્રકાશન મંડળ

(મુંબઈ)

પ્રસ્તુત સંસ્કરણ : શ્રીવલ્લભાબ્દ ૫૩૫ - વિ સં ૨૦૬૯ - 2012 C.E.

પ્રતિ-સંખ્યા : ૧૦૦૦

નિઃશુલ્કવિતરણાર્થ

સમ્પાદક : ગોસ્વામી ગોકુલનાથ (મન્દારકુમાર)

પ્રસ્તુત સંસ્કરણ વિ. સં. ૧૯૨૮માં પ્રકાશિત ગ્રંથ-સમુચ્ચયના
આધારે તૈયાર કરવામાં આવેલું છે.

પત્રપ્રેષણસંકેત

**Shri Govardhanesh Prakashan Mandal**

Administrator : Shri Bipinbhai Shah
Shop No. 41, 1st Bhoiwada,
H. H. Shri Gokulnathji Maharaj Lane,
Mumbai - 400 002.
email : vedagaana4@yahoo.com

શબ્દ સંયોજન :

ક્રિએટીવ પ્રિન્ટસ્, M. : 9167339603

મુદ્રક :

**Rasu Plastics**

104, Oswal Bhavan,

Nana Chowk Corner, Mumbai - 7.

# અનુક્રમણિકા


૧) શ્રીનાથજીનું ધોળ ........................................................ ૧

૨) શ્રીનવનીતપ્રિયજીનું ધોળ .............................................. ૯

૩) શ્રીદ્વારકાનાથજીનું ધોળ ............................................. ૧૬

૪) શ્રીનટવરલાલજીનું ધોળ ............................................. ૧૯

૫) મુંબઈના શ્રીબાલકૃષ્ણજીનું ધોળ .................................. ૨૧

૬) ડાકોરજીના શ્રીરણછોડજીનું ધોળ .................................. ૨૫

૭) દાનલીલાનું ધોળ ........................................................ ૨૭

૮) રાસનો ગરબો ............................................................ ૩૭

९) गङ्गाद्विपदी ................................................................. ४४

१०) यमुनाचतुष्पदी ........................................................... ४७

## ।। અથ શ્રીનાથજીનૂં ધોલ ।।

**ઓરા આવોનેં શ્રીનાથજી સુહામણા રે ।।**
**તારી ચટકતી ચાલના લઉં ભામણા રે ।।૧।।**

**શ્રીકૃષ્ણાય નમઃ ।।**

**[૧]મજ મન બાલમુકુંદમુખરૂપસરોવરમાય ।।**
**વ્રજજનલોચનમીનનું જીવન જેથી થાય ।।૧।।**

હવે ગોસ્વામિશ્રીજીવનજીમહારાજેં **શ્રીનાથજીનું ધોલ** ગુજરાતી ભાષામાં રચેલું છે પણ તે ઘણૂંજ સંસ્કૃત ભરેલું છે કારણ કે સંસ્કૃત ભાષા જાણનારા સારા કવિલોકોની કવિતામાં સંસ્કૃત શબ્દ ઘણા આવે છે અને એજ કવિતાનું ભૂષણ છે, તેથી આ ઘણૂંજ સંસ્કૃત ભરેલું છે તેથી એ ધોલ વાંચનારા લોકોનેં તેનો અર્થ સમઝવામાં આવતો નથી અનેં અર્થ ન સમઝવાથી કેટલાએક પાઠો હમણાથીજ બદલાવા લાગ્યા છે. એ જોતાં કેટલાએક વર્ષોમાં આ ધોલમાં ઘણોજ ફેરફાર થવાનો અને પછી તો તે ધોલનો અર્થ વિદ્વાનોથી પણ સમઝાશે નહીં. એથી એમ ન થવા માટે આ ધોલ શુદ્ધ છપાવી પ્રસિદ્ધ કરેલૂં છે અને એ ધોલની ટીકા ગટ્ટૂલાલા એ નામે પ્રસિદ્ધ પંચનદિગોવર્દ્ધનલાલાયેં કરી છે. હવે પેહેલી તુકનો અર્થ તો પ્રસિદ્ધ છે, **ભામણા** તે ઓવારણા. આ સર્વ વચન **શ્રીનાથજી**પ્રત્યે શ્રીરાધાજીના છે તે ઓગણત્રીસમી તુકમાં સ્ફુટ થશે. **।।૧।।**

ટિપ્પણ : ૧) **મજ** એટલે મગ્ન થાય.

**વારણ વનમાં ગયા તે એને જોઈને રે ।।**
**જેમ લાજથી ધની તે ધન ખોઈને રે ।।૨।।**

હવે ચાલની શોભાઊપરે ઉત્પ્રેક્ષા કરે છે. હાથિયો જંગલમાં રહે છે એ ચાલને **જોઈને તે વારણ** મદમત્ત હાથિયો પોતાની ચાલની શોભા ઓછી થતાં **લાજ**પામીનેં **વનમાં ગયા** છે જેમ **ધની** એટલે ધનવાન તે દીવાલૂં કાઢે ત્યારે ભાગી જાય.**।।૨।।**

[ આદ્ય સંપાદકશ્રીએ અમુક સ્થળો પર અમુક માત્રાઓ સભાનતાપૂર્વક દીર્ઘ મૂકી છે, તેમને મૂળ પદોમાં યથાવત્ રહેવા દીધી છે તેમજ ધોલ અને ટીકાનો મૂળ પાઠ (Text) પણ યથાવત્ રાખ્યો છે. મૂળ પાઠ અને ટીકામાં તે વખતની જૂની ગુજરાતી ભાષા અને તેની વાક્ય-રચના અને શબ્દ-યોજના યથાવત્ રાખ્યાં છે.- સંપાદક ]

**નખરચંદ્રચક્રચંદ્રિકાવિકાસથી રે ।।**
**ક્ષીણભાવ પામ્યો શશી ઉપહાસથી રે ।।૩।।**

**નખરચંદ્ર** નખરૂપીચંદ્રમા એટલે ચંદ્રમા તેનું **ચક્ર** જે સમૂહ તેની ચાંદનીના ફેલાવથી **શશી** એટલે [ચંદ્રમા] **ઉપહાસથી** એટલે પોતાની હાંસી થવાથીજ વારંવાર કૃષ્ણપક્ષમાં ક્ષય પામે છે. **।।૩।।**

**હસ્તચરણકોમલિમાનેં દેખી દ્રુમતણા રે ।।**
**પલ્લવ નમ્રવદન થયાં લાજીનેં ઘણા રે ।।૪।।**

**દ્રુમતણા પલ્લવ** તે વૃક્ષોના રાતાં કોમલ પાનડાંઓ શ્રી**હસ્ત**ની અને **ચરણા**રવિંદની **કોમલિમા** જે કોમલપણું તેનેં **દેખી**ને પોતાનૂં કોમલપણું હલકૂં દેખીને **લાજ** પામીને **નમ્રવદન** થયાં એટલે નીચૂં મોઢૂં કરીને લટકી રહ્યાં છે. **।।૪।।**

**જેહર પાયલ ને વીછિયા પગપાનની રે ।।**
**સોભા કેતાં ન બને તે નિરુપમાનની રે ।।૫।।**

**જેહર**વિગેરે આભરણો પ્રસિદ્ધ છે તે સર્વે **નિરુપમાન** છે એટલે તેઓનેં કાંઈપણ ઉપમા દેવાઈ શકાય એમ નથી તેથી તેઓની શોભા કેહેતાં **બને** નહીં. **।।૫।।**

**શોભા બની તનીયાની ઘણી શ્વેતની રે ।।**
**દેખી ધજા લજામજિત મીનકેતની રે ।।૬।।**

**શ્વેત** તે સપેત [સફેદ] તનિયાની **શોભા ઘણી બની** છે તે જોઈને **મીનકેતની** એટલે કામદેવની **ધજા**નૂં વસ્ત્ર **લજામજિત** એટલે લાજમાં બુડેલૂં છે અથવા કામદેવની **ધજા**નૂં ચિહ્ન જે માછલું તે લાજથકી જલમાં બુડીરહે છે. કામદેવની ધજામાં મછનૂં [મત્સ્યનું] ચિહ્ન છે તેથીજ એનૂં નામ **મીનકેત** કહેવાય છે. **।।૬।।**

**સૂથન કાછનીની છબી છાઈ ચિત્તમા રે ।।**
**માન મેલી ઘણી દીન થઈ નિત્ત મા રે ।।૭।।**

**સૂથન**ની અને **કાછની**ની **છબી** જે શોભા તે મનમાં છાયીરહી છે તે જોઈને **મા** જે લક્ષ્મીજી તે અભિમાન **મેલી**નેં દીન થયી રહ્યાં છે. **।।૭।।**

**ક્ષુદ્રઘંટિકા નૂપુરની સાંભલી ધુની રે ।।**
**મેલી સમાધી વિકલ થયા મહામુની રે ।।૮।।**

**ક્ષુદ્રઘંટિકા** જે કટીનૂં આભરણ અનેં **નૂપુર** તેબન્નેની **ધુની** જે શબ્દ તેને **સાંભલી**ને મોટા મુનિયો પણ સમાધિ મૂકીનેં **વિકલ** તે ગાંડા થયા છે ત્યારે સ્ત્રિયોને મોહ થાય તેમાં શૂં આશ્ચર્ય. ।।૮।।

**કટી જોઈને લજાયા મોટા કેસરી રે ।।**
**નાભી જોઈ વાપી જડતાનેં અંગીકરી રે ।।૯।।**

આપની **કટી** જે કડ [કેડ] તેનું પાતલાપણૂં **જોઈને** મોટા સેરીસિંહ પણ **લજાયા** અનેં **નાભી**નૂં ઊંડાપણું **જોઈનેં વાપી** જે વાવડિયો તેઓયેં **જડતાને અંગીકરી** એટલે લાજથી **જડ** થયિરહિ. હવે અલંકારશાસ્ત્રમાં ડ અને લ એ બન્ને અક્ષરને એક ગણે છે તેથી સ્વરૂપ જોતાં જલરૂપ થયી રહી છે અનેં **જડ** એવું શીતલતાનૂં નામ પણ આંઈ સંભવે છે. ।।૯।।

**ઉદરત્રીવલીની સુષમાની ઉપમા નવ મલે રે ।।**
**વિપુલ વક્ષસ્થલ મેલીનેં રમા નવ ટલે રે ।।૧૦।।**

**ઉદર** ઊપર **ત્રિવલી** એટલે ત્રણ વાટા પડે છે તેની **સુષમા** જે પરમ શોભા તેની **ઉપમા મલે** નહિ. **વિપુલ** એટલે પખતૂં એવૂં જે **વક્ષસ્થલ** છાતી તેને **મેલીનેં રમા** જે લક્ષ્મીજી તે ક્યાંઈ પણ જાતાં નથી, આ વચનથી લક્ષ્મીજી ઊપર રાધાજીયેં ઈર્ષ્યા દેખાડી અને લક્ષ્મીજીનેં પણ મોહ થાય ત્યારેં બીજાને શૂં કેહેવૂં એ પણ જણાવ્યૂં અને પ્રભુના હૃદયમાં લક્ષ્મીજી નિવાસ કરે છે તે તો પુરાણાદિકમાં પ્રસિદ્ધ છે. ।।૧૦।।

**બાજૂ પોંચી કડા સાંકલા હાથ સાંકલા રે ।।**
**હીરામુદ્રિકા તે કલાનિધિની કલા રે ।।૧૧।।**

**બાજૂ**વિગેરે આભરણો પ્રસિદ્ધ છે **હીરા**ની **મુદ્રિકા** જે વીટી તે **કલાનિધિની કલા** એટલે ચંદ્રમાની કલાજેવી ઊજળી દીસે છે. ।।૧૧।।

**કંબુકંઠ કંઠાભરણ હાંસ ત્રવલની રે ।।**
**શોભા કેતાં બુદ્ધિ ઘટી કવીપ્રબલની રે ।।૧૨।।**

**કંબુ** જે શંખ તેજેવા સુંદર **કંઠનેવિષેં** **કંઠાભરણ હાંસ ત્રિવલ** એ આભરણ સેવાપ્રકારમાં પ્રસિદ્ધ છે તેઓની **શોભા** કેહેવામાં જબરા **કવિયોનિ બુદ્ધિ** પણ ઓછી પડે છે. **॥૧૨॥**

**કૌસ્તુભપદકની પંક્તિ નેં રત્નની બદી રે ॥**
**મન મગ્ન થયૂં એ તો શોભાની નદી રે ॥૧૩॥**

શ્રીકંઠમાં **કૌસ્તુભ**મણિ અને તેની નીચેં માલાઓના **રત્ન**જટિતપદકો ઊપરાતરી બરાબર આવેલા છે તેઓની **પંક્તિ** અનેં **રત્નની બદી** એટલે વચમાં ચોકી અને ચારેતરફ ચાર મોતીની લડ એવૂં આભરણ એનેં બદ્દી કહે છે એ સર્વેના રત્નોની પંક્તિ નીચેંસુધી સરખી આવેલી છે, તેથી **શોભાની નદી**જેવી લાગે છે. એથીજ એ **પંક્તિ**માં જોનારાઓનૂં **મન** ડૂબે છે **નદી**માં કોય પણ ચીજ **મગ્ન** થાય એ યોગ્ય છે. **॥૧૩॥**

**રત્નનિકર રચિત ભૂષણ તેજ શૂં કહૂં રે ॥**
**મિહરશીતરશ્મિકાંતિ તુલ્ય નવ લહૂં રે ॥૧૪॥**

**રત્નો**ના **નિકર** જે સમૂહ તેઓના જડાવથી બનાવેલા આભરણોનૂં **તેજ શૂં કહૂં.** મિહિર જે સૂર્ય અને **શીતરશ્મિ** જે ચંદ્રમા એ બન્નેની **કાંતિ** પણ આભરણના તેજસરખી કહેવાય નહિ. **॥૧૪॥**

**સામલ અંગ મોતી ગુંજ કુસુમ માલિકા રે ॥**
**દેખી મેઘ ઈંદ્રધનૂ બક થયા ફીકા રે ॥૧૫॥**

શ્યામ**અંગ**માં **મોતી** અનેં **ગુંજા** અને **કુસુમ** તે રંગરંગના ફૂલો એ સર્વેની માળાઓ જોઈનેં **મેઘ**વિગેરે **ફીકા** થયા. શ્યામતાની શોભાથી મેઘ ફીકા દેખાય છે તે અંગમા સપેત-[સફેદ]મોતીની આગળ **બક** કે બગલા **ફીકા** દેખાય છે અને ગુંજાની તથા ફુલોની માલાની આગળ ઈંદ્રધનુષ ફીકૂં લાગે છે. **મેઘ**મા સૂર્યનું તેજ પડવાથી અનેક રંગભરેલૂં કબાનને [કમાનને] આકારે જે દેખાય છે તેને ઈંદ્રધનુષ કહે છે. **॥૧૫॥**

**દેખી પીતાંબર ચંચલા ચંચલા થઈ રે ॥**
**ગયાં માનિનીના માન ધીરજ નવ રઈ રે ॥૧૬॥**

**ચંચલા** તે વીજળી તે **પીતાંબર**ની શોભા પોતાથી અધિક **દેખીનેં** પોતાની શોભા વધારવા માટે ઘણી ચંચલ થયી છે. અર્દ્ધતુકનો અર્થ સ્ફુટ છે. **।।૧૬।।**

**શોભા સદન વિશદ વદન કુમુદ દેખતાં રે ।।**
**કુમુદ પોતાની સુંદરતા નહી લેખતા રે ।।૧૭।।**

**શોભાનૂં સદન** એટલે ઘર અનેં **વિશદ** એટલે ઉજ્વલ એવૂં **વદન કુમુદ** એટલે મુખરૂપચંદ્રમા અથવા કમોદની તેનેં દેખતા **કુમુદ** તે ચંદ્રમા અથવા કમોદની તે પોતાનું **સુંદર**પણૂં **લેખતા** નથી. ।।૧૭।।

**નાસા અધર શોભા શક્તિ નથી ભાંખવા રે ।।**
**જેમ કીરવદન બિંબફલ ચાખવા રે ।।૧૮।।**

નાસિકાની અનેં **અધર** એટલે નીચેના હોઠની શોભા વર્ણન કરવાની મારી શક્તિ નથિ જેમ **કીરવદન** એટલે સૂડાની ચાંચ **બિંબફલ** એટલે પાકેલાઘોલાનેં **ચાખવા** આવતી હોય તેમ **બિંબફલ**જેવા લાલહોઠઉપર સૂડાની ચાંચજેવી નાસિકા શોભે છે. ।।૧૮।।

**ચંચલ અરુણ સજલ નયનયુગલ નિરખતાં રે ।।**
**ખંજન કમલ મીન રહ્યાં શ્વાસ વરખતાં રે ।।૧૯।।**

**ચંચલ** અને **અરુણ** એટલે લાલ, **સજલ** એટલે રસભરેલું, એવૂં **નયનયુગલ** એટલે બે નેત્ર તેને જોતાં **ખંજન**વગેરે **શ્વાસ વરખતા** રહ્યાં એટલે પોતાની શોભા ફીકીથવાથી નિસાસા ભરે છે. **ખંજન**પક્ષીની **ચંચલ**તા અનેં **કમલ**નો વિકાસ અનેં **મીન** જે મચ્છ તેનું ડહડહાપણૂં તથા લંબાઈ એ સર્વ નેત્રની શોભા આગળ રદ્દ થયૂં. **।।૧૯।।**

**જીતી કામની કમાન કાન તેં ખરી રે ।।**
**કુટિલભૃકુટી ના ભંગ નેહથી કરી રે ।।૨૦।।**

**નેહથીકરી** એટલે સ્નેહેંકરીનેં જે **કુટિલભૃકુટી**નો **ભંગ** વાંકીભમરનું ચઢાવવૂં તેથી **કામ**દેવની કબાન [**કમાન**] **જીતી.** આ તુકનો ફલિતાર્થ એ જે ધનુષ જેવી વાંકી **ભૃકુટી** ચડે છે અને સર્વજગતનેં મોહ કરે છે **।।૨૦।।**

**મકરકુંડલની ઝલક કપોલફલકમા રે ।।**
**મન અટકી રહ્યું ખીટલીયાલી અલકમા રે ।।૨૧।।**

**કપોલફલક** એટલે ગાલ તેમાં **મકરકુંડલ** જે મગરમછના આકારના **કુંડલ** તેનૂં તેજ પડે છે. ખીટલિયાલી **અલક** એટલે વાંકાઈભરેલા કેશ તેમાં **મન** અટકિ રહ્યૂં. વાંકા પદાર્થમા કાંઈ ઝીણી જણસ આવે તે **અટકી** રહે એ વાત પ્રસિદ્ધ છે. **।।૨૧।।**

**વેસર મુક્તામણી લપન ઉપર એમ લસે રે ।।**
**ચંદ્ર ચુંબવાને તારા આવી આંઈ વસે રે ।।૨૨।।**

**લપન** જે શ્રીમુખ તેઊપર **વેસર** મુક્તામણિ તે **નથ**નૂં મોતી એવૂં શોભે છે જેમ **ચંદ્ર**માને **ચુંબન** કરવાને **તારા** એટલે નક્ષત્ર આલોકમાં આવી વસેલૂં હોય, નક્ષત્ર સર્વે ચંદ્રમાની સ્ત્રિયો છે તેથી ચુંબન કરવૂં યોગ્ય છે. આ તુકનો ફલિતાર્થ એ જે ચંદ્રમાજેવા શ્રીમુખમાં નકવેસરનૂં મોતી **તારા**જેવૂં શોભે છે. **।।૨૨।।**

**મંદહસન દસનશોભા તો ઘણી બની રે ।।**
**ચિબુક વિમલ વજ્રકાંતિ તેહમા સની રે ।।૨૩।।**

**મંદહસન** તે થોડૂં હસવૂં તેમાં **દસનશોભા** તે દાંતની શોભા **ઘણી બની** છે **ચિબુક** તે હરપટી તેમા જે **વિમલવજ્ર** એટલે નિર્મલ હીરો છે તેની **કાંતિ તેહમા સની** તે દાંતની કાંતિમાં મલી જાય છે કેમ જે દાંત પણ હીરાજેવા ઉજ્વલ છે. **।।૨૩।।**

**લડ સીસફૂલ અલકાવલી બાંકની રે ।।**
**તિલકતણી શોભા ઘણી નગડાકની રે ।।૨૪।।**

**લડ**વગેરે શ્રીમસ્તકના આભરણ સેવાપ્રકારમાં પ્રસિદ્ધ છે તે સર્વ આભરણોમાં **નગડાંકની** નગ જે રત્ન અનેં **ડાંક** જે તે રત્નોની નીચે મુકેલો ડાંક તેનિ **શોભા ઘણી** છે. **।।૨૪।।**

**મોરમુગટની લટક મનમા વસી રે ।।**
**શતચંદ્રની શોભાનેં જોઈ તે હસી રે ।।૨૫।।**

**મોર**પિચ્છના મુકુટનો ઝોક અને લટકો અમારા **મનમા વસે** છે તે **લટક** સેકડો **ચંદ્ર**માઓની **શોભાનેં જોઈ**ને **હસે** છે જે હ્મારિઆગળ એ શોભા તુછ છે. **॥૨૫॥**

**ખર્વ ગર્વ થયો વેણી જોઈ નાગનો રે ॥**
**તેથી વાસ કીધો અધોભૂમિભાગનો રે ॥૨૬॥**

**વેણી** તે ચોટી તેને **જોઈનેં નાગ**નો **ગર્વ ખર્વ** એટલે ઓછો થયો **તેથી**જ શરમને લીધે નાગોએં **અધોભૂમિભાગ** એટલે પાતાલમાં **વાસ કીધો.** આ તુકનો ફલિતાર્થ એ જે **વેણી નાગ**થીપણ લાંબી અનેં શ્યામ શોભાવાલી છે. **॥૨૬॥**

**વેણુરાગથી સરાગ ચિત્તનેં કીધૂં રે ॥**
**વેત્ર ધરી નેત્રયુગ્મનેં તે સુખ દીધૂં રે ॥૨૭॥**

**વેણુ** જે મુરલી તેના **રાગ**થી **ચિત્તનેં** પણ **સરાગ** એટલે રાગસહિત **કીધૂં રાગ** એટલે સ્નેહ અનેં ગાવાનો રાગ. **વેત્ર** એટલે છડી તે શ્રીહસ્તમાં **ધરી**ને અહ્મારા **નેત્રયુગ્મનેં** એટલે બધે-[બન્ને] આંખોને **તે** અલૌકિક **સુખ દીધૂં.** **॥૨૭॥**

**તારાં વચનસુધા કરણચષકમાં ભરી રે ॥**
**ચિત્ત તૃપ્ત નથી થાતૂં પાનનેં કરી રે ॥૨૮॥**

તમારા **વચન**રૂપી **સુધા** એટલે અમૃત તે કાનરૂપી **ચષક** એટલે રસ પીવાનૂં પાત્ર તેમાં **ભરીનેં પાન**કરતાં એટલે વારંવાર વચનામૃત સાંભલતાપણ મન **તૃપ્ત નથી થાતૂં.** **॥૨૮॥**

**એવાં રાધાવચન સુણી હરી આવિયા રે ॥**
**કુંજકેલી કરી ઘણા મન ભાવીયા રે ॥૨૯॥**

**કુંજકેલી** એટલે કુંજમાં ક્રીડા. બાકી અર્થ સ્ફુટ છે. **॥૨૯॥**

**હલીમલી કુંજપુંજથી સદન ગયાં રે ॥**
**કરી હાસ નેં વિલાસ બે મગન થયાં રે ॥૩૦॥**

**બે** તે રાધાજી અનેં શ્રીજી એ **બે કુંજપુંજથી** એટલે કુંજોના સમૂહોમાથી **સદન ગયાં** ઘેર પધાર્યાં. **॥૩૦॥**

**રસરૂપ એવા શ્યામ ને શ્યામા બેઉ રે ।।**
**એઉનૂં ધ્યાન ધરે પ્રેમથી નિજજન સઉ રે ।।૩૧।।**

**રસરૂપ** એટલે અગણિતાનંદરૂપ. ।।૩૧।।

**દાસ માગે લીલાનંદ મને આપજો રે ।।**
**એજ ધ્યાન હૃદે સ્થિર કરી થાપજો રે ।।૩૨।।**

**લીલાનંદ** તે નિત્યલીલાનૂં સુખ હવે આ તુકમાં શ્રીજીવનજીમહારાજેં **દાસ** એવી પોતાની છાપ રાખી છે તેનૂં કારણ એ જે પોતાના મૂળપુરુષ શ્રીવલ્લભજીમહારાજ જેઓને કાકાવલ્લભજી કહે છે તે એઓની છાપ કીર્તનોમા 'દાસ' એવી છે તે "મહાનિસા ભાદોંકી આઠેં પ્રગટ વ્હેં મારગ રીતિ દિખાયી" ઈત્યાદિ કીર્તનોમાં પ્રસિદ્ધ છે તેઅનુસારેં જીવનજીમહારાજે પણ **દાસ** એવી છાપ મુકેલી છે. ।।૩૨।।

**।। ઈતિ શ્રીનાથજીનૂં ધોલ ।।**

**।। શ્લોકઃ।।**

**ઘસ્રત્રયમિતેનાશુકાલેન ગ્રથિતો મયા ।।**
**જીવનેન પ્રબંધોऽયં પ્રેરણાદ્ધૃત્સ્થિતપ્રભોઃ ।।૧।।**

હવે આ ધોલ કેટલાદિવસમાં બનાવ્યું તે વાત એકશ્લોકમાં* લખે છે. તે શ્લોકનો અર્થ અમારા હૃદયમાં જે પ્રભુ બિરાજે છે તેની આજ્ઞાથકી અમેં આ ધોલ ત્રણ-દિવસમાં જલદીથી કર્યૂં છે. ।।૧।।

**।। દોહરો ।।**

**ઘનશ્યામસુતપંચનદિ ગોવર્દ્ધનકવિએહ ।।**
**અર્થ લખ્યો સંક્ષેપમાં જીવનવચનસનેહ ।।૧।।**

**।। ઈતિ શ્રીવ્રજવલ્લભચરણૈકતાનપંચનદિઘનશ્યામભટ્ટાત્મજ-ગોવર્દ્ધનશીઘ્રકવિવિરચિતા શ્રીનાથધવલટીકા સંપૂર્ણા ।।**

[*સંસ્કૃત શ્લોકો અને પુષ્પિકાઓ ગુજરાતી લિપિમાં યથાવત્ મુદ્રિત કરવામાં આવેલ છે. - સંપાદક]

## ।। અથ શ્રીનવનીતપ્રિયજીનૂં ધોલ ।।

**શ્રીજસોદાજી [૧]નવનીતપ્રિયલાલનેં ગોદ ખેલાવે ।।**
**સુતના સુખનેં જોઇ જોઈ સરવે મનના તાપ સમાવે ।।૧।।**

**[૨]કલધૌતરત્નમય [૩]અજિર વિસે ।।**
**નિજપ્રતિબિંબ દેખી દેખીને હસે ।।**
**ઘણૂં કિલકે બાલભાવને વસે ।।૨।।**

**ખણખણ મણિમય નૂપુર વાગે ।।**
**[૪]પદકંજમાં ઘણા વાલા લાગે ।।**
**માતા સુણી જોઈને મન [૫]અનુરાગે ।।૩।।**

**ગોઠણીયે ચાલે [૬]કરુણાજલધી ।।**
**નિરખી પરમોદ વધ્યો [૭]નિરવધી ।।**
**માતા ઘરની વાતો ભૂલ્યાં બધી ।।૪।।**

**ઘણી વાગે કટિમાં [૮]કિંકિણી રે ।।**
**રૂડા લાગે તે બાલસિરોમણી રે ।।**
**શોભા કહી ન સકે [૯]ભૂધરફણી રે ।।૫।।**

ટીકા :-

(૧) હવે ગોસ્વામિશ્રીજીવનજીમહારાજ સ્વમાર્ગનૂં સર્વસ્વ શ્રીમહાપ્રભુજીના ઠાકુરજી શ્રીનાથજીના વર્ણનનૂં ધોલ કરીનેં શ્રીગુસાંઈજીના ઠાકુરજી પોતાના કુલદેવતા શ્રીનવનીતપ્રિયજીના વર્ણનનૂં ધોલ કરે છે. એ ધોલની તુકોમાં પહેલો અક્ષર કકાનેં ક્રમેં રાખેલો છે. જેમ **કલધૌતરત્નમય** એ તુકમાં ક પ્રથમ છે **ખણખણમણિમય** એ તુકમાં ખ પ્રથમ છે ઈત્યાદિ. (૨) **કલધૌત** એટલે સોનું. (૩) **અજિર** તે ચોક, આંગણૂં. (૪) **પદકંજ** તે ચરણરૂપ કમલ. (૫) **અનુરાગે** એટલે પ્રીતિ પામે છે. (૬) **કરુણાજલધિ** તે કૃપાના સમુદ્ર. (૭) **નિરવધી** એટલે અત્યંત, ઘણો **પરમોદ** તે આનંદ. (૮) **કિંકિણી** તે કટિમેખલાની ઘૂગરી. (૯) **ભૂધરફણી** તે શેષનાગ.

ચાલે માતાની બે આંગલી ધરી રે ।।
ચાટે માખણ બે આંગલી ભરી રે ।।
સ્તનપાન માગે હરિ ફરિ ફરિ રે ।।૬।।

છે બાલભાવથી ચપલ ઘણા ।।
[૧]રૂઠી જાય લાડીલા નંદતણા ।।
તારે માતા આપે ઘણા ખેલવણાં ।।૭।।

[૨]જલજોપમલોચનયુગલ હરિ ।।
અંજન ફેલાવ્યૂં કર ચોલી કરી ।।
તેથી ગાલ [૩]ચુબુક લીધા ભરી ।।૮।।

ઝાઝિ [૪]નિષ્કયુક્ત કંઠ માલા ધરે ।।
ગજમોતીતણી તો શોભા કરે ।।
[૫]ઉડુગણ શશિ બહુ શૂં અંબર વિચરે ।।૯।।

ટાલવા [૬]દગ્દોષને અંજનતણા ।।
કરચરણકપોલમાં બિંદુ ઘણા ।।
જસોદાજી લે ઘણા ઘણા ભામણા ।।૧૦।।

ટીકા :-

(૧) નંદરાયજીના લાડલા પુત્ર છે તેથી કેટલીએકવાર રિસાઈ જાય છે. (૨) **જલજોપમલોચનયુગલ** એટલે કમલજેવા છે બે નેત્ર જેના એવા. (૩) **ચુબુક** તે હરપટી. (૪) **નિષ્કયુક્ત** તે પદકવાલી. (૫) **અંબર** જે આકાશ તેમાં બહુ **ઉડુગણ** જે નક્ષત્રના સમૂહ અને શશી એટલે ચંદ્રમા તે જેમ ફરતા હોય તેમ આકાશજેવા શ્યામશ્રીઅંગમાં નક્ષત્રજેવા મોતી અને ચંદ્રમાજેવા પદક શોભે છે. (૬) **દગ્દોષ ટાલવા** એટલે કોયની નજર લાગી હોય તે દૂર કરવા. **કર** એટલે શ્રીહસ્ત અને **ચરણ** તથા **કપોલ** તે ગાલ તેમાં **અંજનતણા બિંદુ** એટલે કાજળના ટબકાં કર્યાં છે.

ઠામ છાસના પાસે જઈ જઈ ॥
ઝાલી તેનેં ઉભા થઈ થઈ ॥
ખાય માખણ [1]સદ્ય લઈ લઈ ॥૧૧॥

ડરપે ફરી [2]મણિમય ભાજનમા ॥
નિજરૂપ જોઈ બાલકૃષ્ણ મનમા ॥
ચંચલતા ધરે તારે લોચનમા ॥૧૨॥

ઢાકયાં [3]ગોષ્ઠના દ્વાર ખોલ્યાં વાલે ॥
તઈ વચ્છનૂં પુચ્છ ઝાલી ચાલે ॥
[4]વ્રજકર્દમ તારે અંગ શોભા લે ॥૧૩॥

તંઈથી [5]જનની સુતને લાવે ॥
નિજમંદિરમા મન હરખાવે ॥
લઈ ચંદન[6]પલનામા ઝુલાવે ॥૧૪॥

થાલી તારેં માખણ મિસરી ॥
મેવા મિષ્ટાન ફરસાંણથી ભરી ॥
અરોગવાને લાલને આગલ ધરી ॥૧૫॥

દધિ દૂધ સિખરણ ને ખીર બને ॥
ઘણા [7]વ્યંજન દાલ ભાતને સને ॥
સામગ્રીના નામ કેતા નાવે [8]મને ॥૧૬॥

ટીકા :-

(૧) **સદ્ય** તે તાજૂં. (૨) **મણિ**ના બનાવેલા વાસણોમાં પોતાનો પડછંદો [પડછાયો] જોઈને પ્રભુ બીહ્યે છે ત્યારે નેત્ર ઘણા ચંચલ થાય છે. (૩) **ગોષ્ઠ** એટલે ગાયોની ખિરક. (૪) **વ્રજ**નો **કર્દમ** જે ગારો તે શ્રીઅંગમાં શોભા લે છે. (૫) **જનની** તે માતા યશોદાજી. (૬) આ તુકથી લઈને પાલણો ઝૂલે ત્યાંસુધિ સર્વ સેવાનો ક્રમ વર્ણવ્યો છે. (૭) **વ્યંજન** તે શાક, ભૂંજાણાં વિગેરે. (૮) **મને** એટલે મુને નામ ગણતાં ન આવડે અથવા **મને** એટલે મનથી પણ નામ ગણાય નહી ત્યારે વાણીથી કેમ ગણાય.

ધરી ખોલામાં જમાડે લાલનેં માતા ॥
કોઈવાર નંદજીને પાસે જાતા ॥
લઈ ફેલાવે બાલ હરિ ખાતા ખાતા ॥૧૭॥

[૧]નાનારત્નજટિત ઝારી ધરી ॥
શીત સુગંધ જમુનાજલ ભરી ॥
ઊપર વસ્ત્રથી ઝાઝી જતન કરી ॥૧૮॥

પછી અચવાવીને બીડી ખાધી ॥
માતાના મનમા પ્રીતી વાધી ॥
તેથી ટાલી મનથી [૨]ભવની આધિ ॥૧૯॥

ફૂલમાલનિ કંઠે સોભા ભારી ॥
કરી આરતી લઈ કંચન [૩]થારી ॥
સુખ સિજયાએ પોઢ્યા સુખકારી ॥૨૦॥

બહુસુખેં પોઢી ઊઠ્યા નંદલાલ ॥
મેવા કંદમૂલની ભરી ધરી થાલ ॥
અરોગ્યા સાથેં લઈનેં ગ્વાલ બાલ ॥૨૧॥

ભાવતા ખેલ ખેલ્યા વ્રજનાથ ॥
[૪]નિજગોપબાલકનેં કરી સાથ ॥
[૫]શ્રાંત જાણી માતા લઈ ગયા ધરી હાથ ॥૨૨॥

મથી મથીને અરોગાવે [૬]ઘૈયા ॥
પાન કરીને હરખે કનૈયા ॥
તેમ પ્રેમથી બલરામ ભૈયા ॥૨૩॥

ટીકા :-

(૧) **નાનારત્ન** તે હીરા માણેક વિગેરે અનેક પ્રકારના રત્ન. (૨) **ભવની આધિ** એટલે સંસારની મનમાં પીડા. (૩) **કંચનથારી** તે સોનાની થાલી. (૪) **નિજ** તે પોતાના. (૫) **શ્રાંત** તે જેને શ્રમ થયો છે એવા. (૬) **ઘૈયા** સેવા પ્રકારમાં પ્રસિદ્ધ છે.

[1]યુગલલોચનમાં નિદ્રા જાંણિ ।।
નંદતણાં શ્રીજશોદારાણી ।।
સેનભોગની કંચનથાલ આઁણી ।।૨૪।।

[2]રસષટ્‌યુત ભોજન પેહેલે કરી ।।
દૂધભાત અરોગ્યા પ્રભૂજી ફરી ।।
બીડી અરોગ્યા અચવાવી કરી ।।૨૫।।

લલિતાદિક[3]રચિતકુસુમવૃંદેં ।।
પર્યંકેં પોઢ્યા તે આનંદે ।।
શીતલતા કીધી તારે ચંદે ।।૨૬।।

[4]વિધુમુખવધુજનથી વિભુ વિહરી ।।
કીધો જલવિહાર જેમ કરિણી કરી ।।
પોઢ્યા રાધાસહિત હરિ [5]અંક ભરી ।।૨૭।।

[6]શતપત્રનયન લલનાજનેં ।।
વીણાતાલમૃદંગમૃદુલસ્વનેં ।।
ગાન કરી રીઝાવ્યા નિજનાથનેં ।।૨૮।।

ટીકા :-

(૧) **યુગલલોચન** તે બે નેત્ર. (૨) **રસષટ્યુત** તે છ રસવાલુ. છ રસોનાં નામ ખાટૂ, ખારૂ, મીઠૂ, તીખૂ, કડવૂ અને તૂરુ. (૩) **રચિતકુસુમવૃંદેં** તે જેમાં ઘણાં પુષ્પોના સમૂહથી ભાંત બનાવેલી છે એવા **પર્યંક** એટલે શૈયા. (૪) **વિધુ** તે ચંદ્રમા તે સરખાં મુખવાલાં વધૂજન જે વ્રજભક્ત તેની સાથે વિભૂ પ્રભૂ તે વિહાર કરિને પછે શ્રીયમૂનાજીનાં જલમાં વિહાર કરે છે જેમ કરિણી અને કરી તે હાથણિયો અને હાથી જલમાં વિહાર કરે. (૫) **અંક ભરી** તે આલિંગન કરીને. (૬) **શતપત્ર** તે સો પાંખડીનૂં કમલ તે જેવાં નેત્ર છે એવાં **લલનાજન** તે સ્ત્રીજન તેઓયેં **વીણા તાલ મૃદંગ**નાં **મૃદુલસ્વનેં** એટલે કોમલ અવાજેં કરીને રીઝાવ્યા.

[1]ષટ્પદગુંજારવમિશ્ર તારે ।।
ખગકુલમંજુલકૂજિત ભારે ।।
સરવેને [2]શ્રુતિસુખ વિસ્તારે ।।૨૯।।

સખીજન [3]તાલવૃંતની સેવા કરે ।।
તારે [4]ત્રિવિધસમીર રતિશ્રમનેં હરે ।।
નિરખી નિરખી મનમાહેં ઠરે ।।૩૦।।

હરવે હરવે હિંડોરા ખાટ ।।
કોઈ સખી હાથે લઈ [5]ડોરીપાટ ।।
ઝુલાવે એવા નિત્યલીલાના ઠાઠ ।।૩૧।।

લીલાયુકત એવા નિજજન સાથ ।।
સદા નિકુંજમા નવનીત હાથ ।।
એને લાડ લડાવે શ્રીવિઠ્ઠલનાથ ।।૩૨।।

ક્ષણ ક્ષણ એવી લીલા વસજો મનમાં ।।
સદા જાણજો પ્રભુ મને [6]નિજજનમાં ।।
મને વાસ દેજો [7]ગિરિવૃંદાવનમાં ।।૩૩।।

ટીકા :-

(૧) **ષટ્પદ** તે ભ્રમર તેના શબ્દેકરીને **મિશ્ર** એટલે સહિત એવૂં જે **ખગકુલ-મંજુલકૂજિત** એટલે પક્ષીઓના સમૂહોનું મનોહર બોલવૂં તે. (૨) **શ્રુતિસુખ** એટલે કાનનૂં સુખ વિસ્તારે છે અને **શ્રુતિ** જે વેદ એમાં કહેલૂં જે નિત્ય લીલાનૂં **સુખ** તેનો પણ વિસ્તાર કરે છે. (૩) **તાલવૃંત** એટલે પંખા. (૪) **ત્રિવિધસમીર** એટલે શીતલ મંદ અને સુગંધી એવો પવન તે **રતિશ્રમને હરે** એટલે ક્રીડા કરતાં પ્રભૂને શ્રમ થયો છે તેને દૂર કરે છે. (૫) **ડોરીપાટ** એટલે રેશમી ડોરી. (૬) **નિજજન**માં એટલે પોતાના ભક્તોમાં. (૭) ગિરી તે ગિરીરાજજી.

જ્ઞાનહીન જાંણીને મને [1]દયાજલધી ॥
શરણે લીધો પ્રભુની સેવા દીધી ॥
એવા [2]ગોવર્દ્ધનપ્રભુ સુખ અવધી ॥૩૪॥

નંદેંદુગ્રહક્ષિતિવત્સરમાઁ ॥
શુભ એકાદશીનેં શનૈશ્ચરમાઁ ॥
ધોલ થયૂં માસ વૈશાખ સુખકરમાઁ ॥૩૫॥

**॥ શ્રીનવનીતપ્રિયજીનૂં ધોલ સંપૂર્ણ ॥**

ટીકા :-

(૧) **દયાજલધી** એટલે દયાના સમુદ્ર. (૨) **ગોવર્દ્ધનપ્રભુ** તે મુંબઈવાલા શ્રીગોવર્દ્ધનજીમહારાજ જેઓણેં શ્રીજીવનજીમહારાજનેં પોતાની ગોદ લઈનેં શ્રીબાલકૃષ્ણજીની સેવા આપી. **નંદ** એટલે નવ ૯, **ઈંદુ** એટલે ચંદ્રમા એક ૧, **ગ્રહ** તે નવ ૯, **ક્ષિતિ** તે પૃથ્વી એક ૧, એ સંખ્યાના **વત્સરમા** એટલે વિક્રમશકને અનુસારેં ઓગણીશશેં ઓગણીશ ૧૯૧૯ના વર્ષમા **વૈશાખ**મહિનામા **સુખકર** એટલે શુક્લપક્ષમાં એકાદશી **શનૈશ્ચર**વારને દિવસે આ ધોલ સંપૂર્ણ થયૂં.

**॥ ઈતિ શ્રીવ્રજવલ્લભચરણૈકતાનપંચનદિઘનશ્યામભટ્ટતનુજ-ગોવર્દ્ધનકવિવિરચિતા શ્રીનવનીતપ્રિયધવલટિપ્પણી સંપૂર્ણા ॥**



# ।। અથ શ્રીદ્વારકાધીશનૂં ધોલ ।।

બેની ચાલો જોઈયે દ્વારકાના ઈસને રે ।।
ચરણકમલ ઉપર ધરીયે જઈ સીસને રે ।।૧।।

નખરરત્નકિરણ ભૂષણ થાશે એહને રે ।।
સેવા કરી સફલ કરીયે આય દેહને રે ।।૨।।

વિરહતાપતપ્તભક્તહૃદયસદ્મને રે ।।
શીતલ કરવા ધર્યૂં હસ્તમાહે પદ્મને રે ।।૩।।

ગદા સદા ધરી દુષ્ટને વિદારવા રે ।।
પદાક્રાંતભક્ત-ત્રિવિધ-દુઃખ હારવા રે ।।૪।।

હૃદયતિમિરનિકર ટાલવાને પ્રેમથી રે ।।
હસ્ત સુદર્શન ધર્યૂં છે ચક્ર નેમથી રે ।।૫।।

દૈવીજીવવૃંદપંક અંક ગંજવા રે ।।
ધર્યો અંબુતત્વ કંબુ હસ્તકંજમાં રે ।।૬।।

દેવા ચાર તે પુમર્થ મારગપુષ્ટિના રે ।।
ધર્યા હસ્ત ચાર મેઘ અભયવૃષ્ટિના રે ।।૭।।

હસ્ત ચરણ નેત્ર શોભા લેવા જલવિષેં રે ।।
પદ્મપુંજ કંઠમગ્ન તપે જનિ મિષેં રે ।।૮।।

જાનુજંઘયુગલ શોભા કેતા કેમ બને રે ।।
ચિત્ત વિવશ થઈ શોભાસુધામા સને રે ।।૯।।

ચતુર્વદન-જનનસદનનાભિહૃદતણી રે ।।
શોભા કહૂં એવી બુદ્ધિ મારી શૂં ઘણી રે ।।૧૦।।

સિંગારરસતરંગિણીતરંગની તતી રે ।।
સુંદર ઉદર ત્રિવલી છે એવી મારી મતી રે ।।૧૧।।

હ્રદયકમલ તો ગંભીર દેખીને રમા રે ॥
કાન્તવદન જોવા વાસ કીધો જેહમા રે ॥૧૨॥

એવું ઈન્દ્રનીલવિમલ વક્ષસ્થલ લસે રે ॥
કંઠે કૌસ્તુભમણી કરુણાંકુરજેવો વસે રે ॥૧૩॥

શ્યામ ચુબુક વિશદ વજ તો એવો કહૂં રે ॥
ઈંદીવરઉપર બેઠો છે કવિ દ્યુતિબહૂ રે ॥૧૪॥

વિદ્રુમ-અધરકાંતિ દંતપંક્તિ તો ધરે રે ॥
દાડિમબીજઉપમા પૂરણ તારે તે કરે રે ॥૧૫॥

સુંદરનાસા પાસે મુક્તામણી એમ લખે રે ॥
કીર હંસઅસૂયાથી મુક્તાને ભખે રે ॥૧૬॥

કુટિલ નિશિત અસિત ભ્રુકુટીના ભંગની રે ॥
ઉપમા બની મુખ્યરસવિપુલતરંગની રે ॥૧૭॥

વિવિધરત્નઘટિતકીટમુકટની છટા રે ॥
જાણેં ચંદ્રઉપર કોટિમિહિરની ઘટા રે ॥૧૮॥

નિજભક્તચિત્તચંચલા લપટી રઈ રે ॥
વિમલપીતાંબરની શોભા તો એવી થઈ રે ॥૧૯॥

નાનારત્નના આકલ્પ શ્યામલ અંગમાં રે ॥
જાણે તારા લસે સ્વછ અંબરસંગમાં રે ॥૨૦॥

એવા સુંદર બાલકૃષ્ણજીના લાડિલા રે ॥
દેખી ક્ષીણ થઈ કલાપતીની કલા રે ॥૨૧॥

સાથે રાધા સદા યમુનાજીના રૂપથી રે ॥
થયા બેઓ એવા જાણે રસભૂપતી રે ॥૨૨॥

જીવનપ્રાણ વ્રજસુંદરીના એ હરી રે ॥
એની ચાલ જોઈ લજાયા મોટા કરી રે ॥૨૩॥

એની સેવા કરે સદા ભક્તિભાવથી રે ॥
શ્રીપુરુષોત્તમજી નિત્ત નવા ચાવથી રે ॥૨૪॥

ધન્ય કાંકરોલી ગામ તીર છે જેનુ રે ॥
રાયસાગર ઘણુ મિષ્ટ નીર છે તેનુ રે ॥૨૫॥

દાસ કહે મનેં નિજ જાણીને તારજો રે ॥
મારા કોટિ કોટિ દોષ તમે વારજો રે ॥૨૬॥

॥ ઈતિ શ્રીદ્વારકાનાથજીનૂં ધોલ ॥

## શ્લોકૌ

ઘસ્રૈશ્ચતુર્ભિશ્ચરિતં [1]ચતુર્ભુજવિભોર્મયા ॥
વર્ણિતં જીવનાખ્યેન તદીયપ્રેરણાન્મુદા ॥૧॥

અઙ્કેન્દુનન્દજગતીમિતેઽબ્દે [2]વૈક્રમે શકે ॥
ચૈત્રે શુક્લદ્વિતીયાયાં ભૌમવારે સમાપિતમ્ ॥૨॥

૧. ચાર ભુજાવાલા પ્રભુ જે શ્રીદ્વારકાનાથજી તેનૂ ચરિત્ર તેઓનિ પ્રેરણાથી જીવનજીમહારાજે ચાર દિવસમાં આ ધોલ બનાવ્યૂં ॥૧॥

૨. વિક્રમાદિત્યના શકમાં ઓગણીશે ઓગણીશ (૧૯૧૯)ના વર્ષમાં ચૈત્ર-શુદી બિજ ભૌમવારે આ ધોલ સંપૂર્ણ થયૂં છે. ॥૨॥

## ।। અથ શ્રીનટવરલાલજીનૂં ધોલ ।।

શ્રીનટવરલાલ રસાલ બાલસરૂપ ધરી ।।
કીધા નિજજન ઘણા નિહાલ બાલચરિત્ર કરી ।।૧।।

કરે નૃત્ય ભૃત્યસુખદાન સત્યસરૂપ હરિ ।।
હરે માનિનીકેરાં માન પ્રેમકટાક્ષ કરી ।।૨।।

કટિ મણિમય કિંકિણી જાલ નૂપુર શબ્દ ઘણૂં ।।
આપે શ્રુતિસુખ પરમવિશાલ એક મુખ કેમ ભણૂં ।।૩।।

માઁટ વામકરકંજ લીધૂં મિષ્ટ મૃદુ ।।
લીધૂં દક્ષિણકર નવનીત શોભા કેમ વદૂં ।।૪।।

પદપદ્મ કોમલતા ભાર જીતી પદ્મ પ્રભુ ।।
કીધૂઁ તે શિર [1]પદ આધાર તોએ છે પોતેં વિભૂ ।।૫।।

અરુણ અધરને પાસ દંત બે એમ લસેં ।।
જાણે નવપલ્લવને પાસ કુંદકળિ જુગલ વસે ।।૬।।

સુભ નાસાને પાસ મુકતાફલ વિલસે ।।
જાણે શુકચંચૂનેં પાસ મલ્લિકાકોશ લસે ।।૭।।

નયનનલિનની કોર કાજલશોભા લખી ।।
જાણે ઉમગ્યો રસસિંગાર રાધાવદન દેખી ।।૮।।

ભ્રકુટી કામકમાન પાસે બિંદુ અંજનનૂં ।।
જાણે છપ્યો મિલિંદ નિદાન ભય દગ ખંજનનૂં ।।૯।।

મુખઈંદીવર પાસ સામલ કુટિલ ચલે ।।
અલકનિકર રસઆસ આવ્યા મધુપ મલે ।।૧૦।।

કરણફૂલજુગ કર્ણ હીરાયેં રચિત જાણે ।।
મુખશશિશીતનૂં સૌખ્ય તપનશિશુ બે શૂં માણે ।।૧૧।।

૧. કમલ જેવી ગોલ ચરણચોકી છે.

ભુજજુગ જુગભુજબંધ રત્ન કર કટક ધર્યા ॥
ચપલહસ્ત સુખકંદ ખેલે પ્રેમભર્યા ॥૧૨॥

કંઠે મુક્તામાલનું જાલ પદક વચે બહુ વિલસે ॥
શશધર તારાસાથ મેઘપર શું હુલસે ॥૧૩॥

બાલભાવથી નગ્ન બોલે છે મુગ્ધમુખેં ॥
છાયા દેખી હસે સુખમગ્ન ભક્તજન પૂર્યા સુખે ॥૧૪॥

ખેલે ખેલ રસાલ બાલનાં જાલ લઈ ॥
જઈ મણીમય અંગણમાંય અગણિતાનંદ મઈ ॥૧૫॥

કરે રાજનગરનૂં રાજ શ્યામપ્રભુ સાથે લઈ ॥
સાર્યા સેવકજનનાં કાજ ચરણ વંદૂ માથે દઈ ॥૧૬॥

એણીપેરે લીલા અનંત અનંત ન જાય કહી ॥
સર્વસુખદાતા ભગવંત સંત ચિત્ત ચારુ સહી ॥૧૭॥

આપે સુખસંયોગ અપાર અચલ નિજભક્તમણી ॥
દુઃખ ટાલ્યાં અપરંપાર સુખ સંપત્ત આપી ઘણી ॥૧૮॥

આપે પુત્રપૌત્રપરિવાર સેવા અનુભવને ॥
ટાલે દુર્બુદ્ધીનો તાર બનાવે છે જે ભવને ॥૧૯॥

નિજજનના જીવનપ્રાણ માગૂં કર જોડી ॥
આપો ચરણકમલનૂં ધ્યાન ભવ બાધા તોડી ॥૨૦॥

અબ્ધિ નેત્ર ને નંદ ચંદ મિતવર્ષ મધે ॥
જેષ્ઠ શુકલની ચોથ વાર ભૃગુ છંદબધે ॥૨૧॥

પૂરણ થયો નિરોધસિદ્ધિ પૂરણ કરવાને ॥
પૂરણ પરમાનંદ સદા હૃદયે ધરવાને ॥૨૨॥

॥ ઈતિ શ્રીજીવનજી મહારાજકૃત શ્રીનટવરલાલજીનૂં ધોલ સંપૂર્ણ ॥

## ।। અથ મુંબઈના શ્રીબાલકૃષ્ણજીનૂં ધોલ ।।

આવો શ્રીબાલકૃષ્ણજીને જોઈએ રે ।।
ભવના ત્રિવિધ તાપ સરવે ખોઈએ ।।૧।।

ખેલે યશોદાજીને અંકે રે ।।
બાલભાવેં છાયા જોઈ શંકે રે ।।
અંગ શોભા વધી વ્રજપંકે ।।૨।।

નંદરાયના લાડિલા લાલ રે ।।
કરે વ્રજસુંદરીને નિહાલ રે ।।
નિજભકતતણા પ્રતિપાલ ।।૩।।

નેત્રકંજમાં અંજન ફેલ્યૂં રે ।।
દેખી મારૂં થયૂં મન ઘેલૂં રે ।।
ચિતેં ભવ આધીનેં ઠેલૂં ।।૪।।

કુંચિત કુંતલ મુખ ઉપર જાણે રે ।।
ઈંદીવર પર મકરંદટાણે રે ।।
આવી મધુપ તેનૂં સુખ માણે ।।૫।।

અલકાવલિ તિલક દીસે રૂડા ।।
ઉપમા દેવા કવી થયા કૂડા ।।
એવા નંદરાયના બાલુડા ।।૬।।

ભ્રકુટીપાસેં અંજનબિંદ રે ।।
કામચાપપાસે શૂં મિલિંદ રે ।।
મારા ચિત્તને આનંદકંદ ।।૭।।

તીખી પાતલી શ્યામ નાસાતણી રે ।।
શોભા ઝાઝી કરે છે મુકતામણી રે ।।
દેખી ફિકી થઈ ઉપમા ઘણી ।।૮।।

ઓષ્ટ વિદ્રુમજેવા લાલ રે ॥
સ્રવે મુકતામણીબિંદુ લાલ રે ॥
રસસિંધુતણી એ નાલ ॥૯॥

નાહાંના દંત બે તો કુંદની કલી ॥
તેમાં અધરલાલકાંતિ મલી ॥
એની શોભા કેવા કોણ બલી ॥૧૦॥

કરકંજથી અંજન ચોલીકરી ॥
ગાલ બે ને ચુબુક લીધા ભરી ॥
મારી આંખો જોઈને ઠરી ॥૧૧॥

ઝુમકી નાકા ને કરણફૂલ રે ॥
ઉપર મોતીની લડ બે અમૂલ રે ॥
દેખી કવિમતી થઈ ડૂલ ॥૧૨॥

કંબુકંઠે મોતીની માલા રે ॥
વક્ષસ્થલ શ્યામ ઉડુગણશાલા [રે] ॥
એવા હરી લાગે ઘણા મનેં વાલા ॥૧૩॥

સ્વલ્પ-ઉદરનાભીની શોભા ભારી ॥
ઉપમા કેતાં કવીની બુધી હારી ॥
હું દેખીદેખી જાઉં બલીહારી ॥૧૪॥

નાની કટિમાં કિંકિણી કનકતણી ॥
મણિમય સુંદર વાગે ઘણી ॥
સુણિ કિલકે બાલ શિરોમણી ॥૧૫॥

કોમલ જંઘજાનુથી રિંગણ કરે ॥
રત્નરચિત અજિર નંદજી ઘરે ॥
દેખી યશોદાજીનાં નેત્ર ઠરે ॥૧૬॥

પદપંકજમાં કલધૌતતણાં ॥
મણિમય નૂપુર વાગે ઘણાં ॥
એ શોભા દેખી લઉં ભામણાં ॥૧૭॥

નખચંદ્રછટા ફેલી ઘણી ॥
તેથી ફીકા થયા રજનીમણી ॥
એની ઉપમા જાતી નથી ભણી ॥૧૮॥

હસ્તપાદમાં કાજલબિંદુ કેહેવા ॥
ઈંદીવરમરંદરત ભ્રમર જેવા ॥
દષ્ટિદોષનાશક તે કેહેવા ॥૧૯॥

દક્ષિણ હસ્તમા માખણનો લોંદો ॥
ઈંદીવરપર જાણે બેઠો ચંદો ॥
દેખી મનનો તાપ થાય મંદો ॥૨૦॥

વામકરકુવલય ક્ષિતિપર કરી ॥
તેને અભય આપે તે આનંદ હરિ ॥
જેથી ગોવર્ધન લીધો ધરી ॥૨૧॥

નાનારત્ન ભૂષણની શોભા ભારી ॥
એની ઉપમા કેતાં તો બુદ્ધી હારી ॥
એવી શોભા જોઈ જાઉં વારી ॥૨૨॥

મેલી અંગુઠો મુખમા ધાવે રે ॥
માંતા રમકડાં લઈને ખેલાવે રે ॥
પલનામાં સુખથી ઝુલાવે ॥૨૩॥

કરે તોતલી મુખથી વાત રે ॥
સાંભલીને હરખે તાત રે ॥
બલિહારી જાય માત ॥૨૪॥

લઈ મિસરી માખણથી સઠાવે રે ||
આંગલીથી લાલને ચટાવે રે ||
ચિત્તતાપ માતા હટાવે ||૨૫||

ગોકુલઉત્સવદાનઉદારે રે ||
એની શોભા દેખી લાજે માર રે ||
એ શ્રીનંદરાજકુમાર ||૨૬||

એવા નવનીતપ્રિય બાલરૂપ રે ||
એની સેવા કરે ભક્તિના ભૂપ રે ||
શ્રીગોવર્દ્ધનજી અનૂપ ||૨૭||

બાલકૃષ્ણરૂપથી ગિરીંદ્ર રે ||
સદા સેવે ભક્તિમહેંદ્ર રે ||
એનૂં ધ્યાન ધરે છે મુનીંદ્ર ||૨૮||

વ્રજ યમુનાજી ગિરીરાજ રે ||
પાસે સુરભીકુંડનો સાજ રે ||
જયાં જીવનાં સરીયાં કાજ ||૨૯||

ત્યાઁ આપજો મુજને વાસ રે ||
એ છે મારા મનમાં આસ રે ||
છઉં ચરણકમલનો દાસ ||૩૦||

કરુણાનિધિ મારા પ્રભુ એવા રે ||
સદા આપી મને ચરણની સેવા રે ||
નિત નિજલીલાનૂં સુખ લેવા ||૩૧||

|| ઈતિ શ્રીજીવનજી મહારાજ કૃત પોતાના પ્રભુ શ્રીબાલકૃષ્ણજીનૂં ધોલ ||

## ।। અથ ડાકોરજીવાલા શ્રીરણછોડજીનું ધોલ ।।

બલિહારી શ્રીરણછોડરાય સહુ સુખ દીધાં જી ।।
નિજજનના દુખ કરી દૂર શરણે લીધાઁ જી ।।૧।।

નવનીરદઘનતનુ દેખાડીનેં તાપ હર્યા હરિરાયજી ।।
સુખસંયોગ અનુભવી મનનેં સદા પરમસુખ થાય ।।૨।।

તેથી શ્રુતિ રસરૂપ વર્ણવે અવિકૃત નિત્ય અમેય જી ।।
ભોગચતુર લીલાયુત નિસદિન પરફલરૂપ તમેય ।।૩।।

નખવિદ્રુમરંજિત અતિસુંદર ચરણેંદીવરદ્વંદ જી ।।
પાપ તાપ હરિ ભક્તહૃદયના રાગ કરે છે અમંદ ।।૪।।

દક્ષિણકરમાં કમલ બિરાજે અભયદાનમાં દક્ષ જી ।।
ભય ટાલ્યા રિપુસંઘતણા નેં કર્યો ભક્તનો પક્ષ ।।૫।।

કૌમોદકી ઉચ્ચ તે કરમાં દુષ્ટદલનનેં કાજ જી ।।
સહુ સુખ સદા ભક્તને આપ્યા થાપ્યા ભક્તિને રાજ ।।૬।।

નિંદકદુષ્ટ-ઉલૂકદષ્ટિને હરવા તેજોરૂપ જી ।।
ચક્રસુદર્શન ઉચ્ચ વામકર ધર્યૂં અસ્ત્રનું ભૂપ ।।૭।।

અંબુતત્વ કંબૂ અંબુજકર અંબુદરસનો સરસે જી ।।
ભક્ત સરસ કીધા સહુ તત્ક્ષણ આનંદામૃત વરસે ।।૮।।

નીલાંબરતનુ પીતાંબરપર મુક્તાકિંકિણી રાજે જી ।।
ચપલાસહિત જલદ મુક્તામણી વરસીને શૂઁ ગાજે ।।૯।।

બ્રહ્મસૂત્રલક્ષિત વક્ષસ્થલ રમારમણનૂં ધામ જી ।।
કીટમુકુટ મકરાકૃતિકુંડલ મણિભૂષણ અભિરામ ।।૧૦।।

નાના કુસુમ વર્ણ ને સૌરભ શુભ વનમાલા ધારી જી ।।
મધુકરનિકર નીલમણિજેવા તેની શોભા ભારી ।।૧૧।।

ખટગુણ મુર્તિવંતથી સેવિત નિજઆયુધેં વિશેષે જી ॥
પાર્ષદગણને સર્વ શક્તિથી તાપ ટલે તે દેખે ॥૧૨॥

મોદપ્રમોદરૂપ પટરાણી મહાલક્ષ્મી બેઓ રૂપ જી ॥
લીલાનંદ અનુભવે નિસદિન પ્રીતિવલ્લિનૂં યૂપ ॥૧૩॥

મણિગણરચિત દ્વારકા લઈને ગોમતી નદી પુનીત જી ॥
ડાકોર વસ્યા ભક્તને કારણ વાધી નિજજનપ્રીત ॥૧૪॥


મનવાંછિત પૂર્યાં ભક્તોનાઁ પૂરો ફરિ તત્કાલ જી ॥
સ્થિરસંયોગભક્તિ આપીનેં પ્રભુજી કરો નિહાલ ॥૧૫॥

જીવનધન નિજભક્તતણા તમે સુખદાતા યદુરાય જી ॥
ગુણગણ ગણતાઁ પાર ન આવે ગાતાઁ બહુસુખ થાય ॥૧૬॥

[1]સંવત્ મુનિદષ્ટિગ્રહશશધર ચૈત્ર કૃષ્ણ બુધવાર જી ॥
પાંચમમિતિ ગુજરાતીને દિન ગાયા ગુણ નિરધાર ॥૧૭॥

॥ ઈતિ શ્રીજીવનજી મહારાજકૃત શ્રીરણછોડજીનૂં ધોલ સંપૂર્ણ ॥

૧. **મુનિ** સાત (૭), **દષ્ટિ** બે (૨), **ગ્રહ** નવ (૯), **શશધર** ચંદ્ર (૧) એ સર્વ અંક મળીને **૧૯૨૭** સિદ્ધ થયા તેથી **સંવત્** ઓગણીશસેં સત્તાવીસના વર્ષમાં **ગુજરાતી ચૈત્ર**વદિ **પાંચમ** અનેં **બુધવાર**ને દિને આ ધોલ સંપૂર્ણ થયૂં.



## ।। અથ દાનલીલાનૂં ધોલ ।।

(રાગ : શ્રીનવનીતપ્રિયજીના ધોલ જેવો ।।)

શ્રીરાધાજી મણિમય મટુકીમાં મહિમાંખણ લઈ ચાલ્યાં ।।
સાંકડી ખોરમાઁ શ્રીનંદનંદનજીયેં જાતાં સરવેનેં ભાલ્યાં ।।૧।।

સાથે સોહિયે સાહેલીયો સઉ સરખી ।।
મહિ વેચવાને નીસર્યાં મન હરખી ।।
એઉની ગુપ્ત ચતુરાઈ સકે કોણ પરખી ।।૨।।

કરકમલ મટુકિઉપર કરી ।।
એકકરથી સખીનો એક કર ધરી ।।
ચાલ્યાં મંથર લજાયા તેથી મોટા કરી ।।૩।।

શ્રીરાધાજીને સાથે શ્રીચંદ્રાવલી ।।
લલીતાજીનિ વિશાખાજીની જોડી મલી ।।
તેમ બીજીયો સખીયો ચાલી હલીમલી ।।૪।।

હસી વાતો પરસ્પર કરે આલી ।।
ગુપ્ત સુખ દીધાં જેહ જેહ શ્રીવનમાલી ।।
નેત્રથી સૂચવીનેં કર દઈ તાલી ।।૫।।

વય રૂપ શીલ ગુણ છે એવા ।।
રતિ કોટિકોટિ લાજે જેવા ।।
શ્રીકૃષ્ણનૂં મન હરીલેય તેવા ।।૬।।

કેશમિષથી દ્વિદલ રસ જાણે વસે ।।
સિંદૂર વચે સ્થાયી અનુરાગ લસે ।।
તેમાં ફૂલ ગૂંથ્યા હાસરસજેવોં વિલસે ।।૭।।

સીસ મોતીની લડ જાણે તારા-આવલી ॥
સીસફૂલ ટીકો જાણે ચંદ્ર રહ્યા બે મલી ॥
ટીકી પાસે રોહિણી જેવી દીસે છે ભલી ॥૮॥

વક્ર ભ્રકુટીવચે અંજનની બિંદી ॥
સ્મરચાપવચે છે જાણે મિલિંદી ॥
નંદનંદનમનની એ છે ફંદી ॥૯॥

આંખ કમલજેવી ને ઘણી અણીયાલી ॥
માંય કાજલની ઝીણી રેખ કાલી ॥
ટલતી નથી પ્રિયનાં મનથી ટાલી ॥૧૦॥

નાસા શુકમુખ પણ ગૌર છે એથી ॥
મુક્તામણીની કાંતિ ફેલી છે જેથી ॥
મનમાં શીતલતા થાય છે તેથી ॥૧૧॥

ઉપમા નવનીત ફૂલગુલાબ કેરી ॥
મૃદુપાટલકપોલની નથી ઠેહેરી ॥
એની મૃદુતા શોભા છે તેથી ઘેરી ॥૧૨॥

મૃદુ લાલ પ્રવાલજેવા અધર અને ॥
કુંદદંતવચે મિસીરેખ સને ॥
તેથી હાસ્યની અધિક શોભા બને ॥૧૩॥

હરપટીયે કપોલમા તિલ જાણે ॥
લોલંબ કમલનો મરંદ માણે ॥
અથવા શ્યામ મગ્ન થયા તેઠેકાણે ॥૧૪॥

શ્રવણે તાટંક રવિશોભા ભરે ॥
મુખકમલતણો તે વિકાસ કરે ॥
તેથી કુટિલ અલક અલિકુલ વિચરે ॥૧૫॥

બીડીરસ અધરેં અનુરાગ જાણે ॥
મનથી ઉમગી આવ્યો તે ટાણે ॥
શ્રીકૃષ્ણનૂં શ્રીમુખ દેખાણે ॥૧૬॥

શ્રીમુખપાસેં અલકની સુષમા ઘણી ॥
ઇંદુસુધાપાનરત બે શૂં નાગણી ॥
એઉની વેણી શોભે વાસુકીફણી ॥૧૭॥

કંઠસુંદરદરમાં મુકતાવલી ॥
જલજત્વસંબંધથી શૂં આવી મલી ॥
એની સુંદરતા એવી થઈ છે ભલી ॥૧૮॥

વક્ષોજ લસે વે મુકતાના હારેં ॥
કરી કુંભથકી શૂં મુકતા તારેં ॥
નિકલ્યા શૂં પ્રિયકરને ભારેં ॥૧૯॥

કૃશ ઉદર ગંભીર નાભી રૂડી ઘણી ॥
લાજ્યા દ્વીપી તનિમા દેખી મધ્યતણી ॥
જેને જોઈ લલચે ગોપશિરોમણી ॥૨૦॥

મૃદુ પીન ગૌર દેખી જુગજંઘ ॥
ઘણી લજ્જાથી નમ્ર કદલીસંઘ ॥
જેને દેખી મોહ્યા શ્રીલલિતત્રિભંગ ॥૨૧॥

પદસરસિજમાં નખવસુ તારે ॥
વસુમતીને કરે છે વસુમતિ ભારે ॥
તેઉની કાંતિ દેખી હિમકર પણ હારે ॥૨૨॥

પદતલ બહુ માર્દવનો લવ ॥
ધારણ કરે દ્રુમનવપલ્લવ ॥
જેને સેવે સદા વ્રજવધૂપલ્લવ ॥૨૩॥

અણવટ વિછીયા પગપાન વલી ॥
પાયલ નૂપુર ને જેહર મલી ॥
કરે મંજુલ સિંજિત ગલી ગલી ॥૨૪॥

લાલ લેંગો નિતંબબિંબ શોભા કરે ॥
ઘેરદાર કિનારીની ચમક ધરે ॥
હીરાની ઝાબી જાણે પ્રિયમન સંચરે ॥૨૫॥

તે ઊપર વાગે કંચન કિંકીણી ॥
તેમાં ગ્રથિત મુક્તા લાલ લીલા મણી ॥
દેખી તેને રીઝે રસિકમુકુટમણી ॥૨૬॥

ચોલી સોંધે ભીની અરગજીરંગેં ॥
શ્યામમગજી કિનારી સોભે સંગે ॥
રચી પોતાને હાથે જાણે અનંગે ॥૨૭॥

બિસકોમલ ભુજ કંચનવ્રતતિ ॥
આભૂષણ જાણે સુમગુચ્છતતી ॥
જેમા લોભાયો કૃષ્ણમનમધુપપતિ ॥૨૮॥

હીરા બાજૂ મોતીની બેરખી રૂડી ॥
હીરાપિછેલી છંદ બંદ ચાંગઠજોડી ॥
કડાં પોંચી વચે વચે શ્યામ કાચની ચૂડી ॥૨૯॥

હાથને લટકે આકલ્પ વાગે ॥
હાથસાંકલા હીરાનાં મનોહર લાગે ॥
નિરખીનિરખી પ્રિય અનુરાગે ॥૩૦॥

કરસરસિજ સુકુમાર સ્નિગ્ધ લાલ ॥
વશે તેમાં સદા શ્રીનંદલાલ ॥
તેથી લોકવંદ્ય એ વ્રજબાલ ॥૩૧॥

પાટલ આઁગલીપર નખની છટા ।।
વિદ્રુમપર જાણે સીતકરની ઘટા ।।
મુદ્રિકા જાણે પ્રિય મન લટાપટા ।।૩૨।।

સાડી શ્યામ કિનારી ગોખરૂદાર ।।
સલમાં કટોરી વચ્ચે તારા સાર ।।
છેડે કલગાની પાઁતની છે ઘણી બાહાર ।।૩૩।।

એવા સોલસિંગાર સજીનેં નાગરી ।।
પ્રિય મલવાની મન આસા ભરી ।।
તારે ખોરસાકડીની વાટ ધરી ।।૩૪।।

તારે ઉઠ્યા સખીયોને આવ્યાં જાણી ।।
આડા ઊભા નંદનંદન દાણી ।।
તારે રાધાજી બોલ્યાં ઘણી પ્રિયવાણી ।।૩૫।।

તૂ કોણ છે મને રોકે શ્યાસારૂં ।।
એ જાણવાને મન ઘણૂં છે મારૂં ।।
અનીતીમાં મન દીસે છે તારૂં ।।૩૬।।

તારેં સ્મિતયુતમુખ બોલ્યા શ્રીકૃષ્ણ ।।
છે ગોરસ પીવા મન મારૂં સતૃષ્ણ ।।
મન તાપ મટ્યો સાંભલી તારો પ્રશ્ન ।।૩૭।।

છે ગોરસ પીવાની અભિલાસા ।।
તો પાત્ર રચો પત્ર લઈ ખાસા ।।
તારે મટશે એ તમારી પિપાસા ।।૩૮।।

નહિ પરિમિત ગોરસ પીવાવાલા ।।
પાન કરી ભાજન દેશૂં ઠાલા ।।
કરશો શૂં અમારૂં તમે છઓ બાલા ।।૩૯।।

છો કોણ ને તારો કોણ છે તાત ||
બલ કેનુ છે કોણ છે તારી માત ||
એવી મુખથી કરે છે ઓછી વાત ||૪૦||

છઉં કૃષ્ણ નંદજી મારા તાત ||
માતા જસોદાજી બલરામ ભ્રાત ||
મારા બલથી કરું છું એવી વાત ||૪૧||

વ્રજરાજકુમાર થઈ દાન માઁગે ||
તેથી તારા રે કુલને લાજ લાગે ||
એ તો દાન લેવું [1]દ્વિજને ભાગે ||૪૨||

તેથી યુકત એવૂં છે મારે આજ ||
મૂલપુરુષ અમારા છે [2]દ્વિજરાજ ||
તારાં વચને સરીયાં મારા કાજ ||૪૩||

સુણી રાધા હસી બોલ્યાં તેવારેં ||
કલંકની લાજ નથી તારે ||
પણ લોકલાજ છે ઘણિ મારે ||૪૪||

તેથી આડોથી ખસી જા કાલા કાંન ||
નંદજીનૂં છે ઘણૂં મોટું થાન ||
રાખૂં છૂં તેથી હૂં ઝાઝૂં [3]માન ||૪૫||

રાખશો જો માન તો હૂં મનાવીશ ||
પણ શૂં અપરાધ જે કરશો રીશ ||
સ્મિત કરીને બોલ્યા એમ જગદીશ ||૪૬||

તારે હસી લજાનમ્ર થયાં રાધારાણી ||
ચંદ્રાવલી બોલ્યા તારે ભ્રકુટી તાણી ||
તુને કીધો કોણે છે ગોરસદાણી ||૪૭||

૧. **દ્વિજ** એટલે બ્રાહ્મણ ૨. **દ્વિજરાજ** તે બ્રાહ્મણોના રાજા ચંદ્રમા ૩. **માન** એટલે સન્માન અને રીસ.

[1]ગોરસનૂં દાન દેવાવાલા તમે ||
સદા સુખથી લેવાવાલા અમે ||
એવી રૂખી વાત કેતાઁ તમને કેમ ગમે ||૪૮||

સુણી ચંદ્રાવલી સસ્મિત રહ્યાં છાંના ||
લલિતાજી બોલ્યાં તારે ઘણાં દાનાં ||
લાલ એવૂં શૂં બોલો છો છઓ નાહનાં ||૪૯||

નાહના છઈએ અમે છઓ તમે મોટા ||
ક્ષમા કરો યદપિ અમે છઈએ ખોટા ||
પણ રસદાનમા છે શૂં તમારે ટોટા ||૫૦||

રસ સમય વના આપીયેં કેમ ||
સ્થાને આપવાનો છે અમારે નેમ ||
વેચવાનૂં શૂં આપીયે મૂલવના એમ ||૫૧||

સ્થાને આપવાનૂં છે તમારે નેમ ||
મારે લેવૂં મનમાં જારે આવે પ્રેમ ||
એનૂં મૂલ આપીયે કઓ તેહેમ ||૫૨||

ગોરસનૂં મૂલ હેમ કોણમાત્ર ||
ગોરસ પીયે થાય જે સેવાપાત્ર ||
આગ્યાવશ થાય પરવશ કરે ગાત્ર ||૫૩||

એ વાત અમારે કાંઈ નથી હલકી ||
પણ તમે એમ બોલો છો કેમ છલકી ||
મારૂં લકુટી ગોરસ જાશે ઢલકી ||૫૪||

તારે બોલ્યાં વિશાખા વિશાલમતી ||
એવી છોકરબુધ અડ નથી ગમતી ||
રાખો સુરત તમે કાંઈ વ્રજના પતી ||૫૫||

૧. **ગોરસ** એટલે દહી, દૂધ અને નેત્રાદિકનો આનંદ.

રાખૂં સુરત એ તો ગમતી વાત ||
રાખી સુરત તારે આજ લાગ્યાં હાત ||
હવે ગોરસ પીયૂં કેમ લઈ પાત ||૫૬||

ગોરસનૂં યોગ્ય પાત્ર [1]પલ્લવ છે ||
તેમા પણ જાત એ [2]બલ્લવ છે ||
એને આગલ સરવે [3]સંપલ્લવ છે ||૫૭||

લજ્જાનમ્ર થયા તારે લોચન ||
અનુરાગ વધ્યો વિશાખા મંન ||
સ્મિતયુત મુખ થયાં સર્વે સખીજન ||૫૮||

લાલ બોલ્યા હવે કાં કરો છો વાર ||
દાન ગોરસનૂં આપવૂં નિરધાર ||
ઘણો તમારે મસ્તક છે ભાર ||૫૯||

રાધાજી બોલ્યા લાલચુ થયા શૂં લાલ ||
ગોરસ ઘણૂં પાઈશૂં આવીને કાલ ||
ઉતાવલમાં તમે થશો શૂં નિહાલ ||૬૦||

હાથ આવ્યા માલનૂં દાણ મેલે કોણ ||
વાતમાં ઘણૂં નાખો છો શૂં મોણ ||
દાણ મેલી મારી વાત હૂં કરું શૂં [4]પોણ ||૬૧||

હવે દાણ આપો તો સુખ ઘણૂં વસશે ||
દાન લીધાવના દાણી આય નઈં ખસશે ||
વઢવાડ થશે દુર્જનલોક હસશે ||૬૨||

એ સુણી લાલનો અભિલાષ જાણી ||
મન ચતુરાઈ રચી રાધારાણી ||
સખીજનથી બોલ્યાં મધુરી વાણી ||૬૩||

૧. **પલ્લવ** તે કૂણું પાનડું અને જાર. ૨. **બલ્લવ** તે ગોપ. ૩. **સંપલ્લવ** એટલે સમૃદ્ધિઓ લેશમાત્ર જેવી છે.
૪. **પોણ** એટલે પોણી હલકી.

દાણી થાયે છે અડીયલ નિરધાર ||
દધિ વેચવાને ઘણી થાય છે વાર ||
તમે જાઓ અમે સમઝીલઈશૂં ચાર ||૬૪||

સ્નિગ્ધસખીજન સુણી મન હરખભરી ||
ચાલ્યાં લટકેથી નિજમારગ ધરી ||
ફર્યાં આડા લકુટિ હાથ લઈ હરી ||૬૫||

સખીજન ઘણાં પોતેં એક શૌરી ||
રોકી કેમ સકે તારે બોલ્યા ફરી ||
રોકો રોકો ગ્વાલ રાખો મટુકી ધરી ||૬૬||

આવ્યા ગ્વાલ તે સાંકડીખોલને બાર ||
રોકયાં રહ્યાઁ નઈ જોરાવર વ્રજની નાર ||
પાછલ આવ્યા ગ્વાલબાલ હજાર ||૬૭||

તારે એકલા શ્યામ રાધા ને સખી ||
ચંદ્રાવલી લલિત વિશાખા [૧]મુખી ||
કીધા વિવિધ વિહાર રસ વિવિધ ચખી ||૬૮||

દધિભાજન લઈ કરકમલવિસે ||
ખાયે નાચે ને મંદમંદ હસે ||
ગ્વાલ બાલ બોલાવ્યા ઉચ્ચસ્વર ને વસે ||૬૯||

હરી મુખ દધિ લાગ્યૂં દેખી તારે ||
ગ્વાલબાલનૂં મન હરખ્યૂં ભારે ||
દધિ તેઉને આપ્યૂં પ્રભુ તેવારે ||૭૦||

તે દેખી [૨]બલીમુખ આવ્યા પાસ ||
દેખી સરવે ને ઘણો આવ્યો હાસ ||
દધિ દઈ પ્રભુ પૂરી તેઓની આસ ||૭૧||

૧. **મુખી** તે મુખ્ય. ૨. **બલીમુખ** એટલે વાંદરા.

મોરમુકુટ ભૂષણ સૂથન કાછની ।।
પીતાંબર મુરલીની શોભા બની ।।
એવી શોભાસુધામા મારી દૃષ્ટિ સની ।।૭૨।।

એવા ગોરસરસિયા શ્રીનંદનંદ ।।
સદા રાસરસિક શ્રીગોકુલચંદ ।।
એ પ્રભુ મારા મનના આનંદકંદ ।।૭૩।।

શ્રીયમુના વૃંદાવન ગિરિરાજ ।।
શ્રીગોકુલ નિત્યલીલાનો સાજ ।।
પ્રભુ ત્યાઁ અવિચલ કરજો રાજ ।।૭૪।।

[૧]શ્રીગોવર્દ્ધન પદરજ દાસ ।।
માગૂં [૨]ગોકુલોત્સવદાનદક્ષપાસ ।।
નિત્યલીલામાં મને દેજો વાસ ।।૭૫।।

મારા [૩]જીવનધન બાલકૃષ્ણલાલ ।।
માગ્યૂં આપીને મનેં કીધો નિહાલ ।।
છે સદા એ મારા પ્રતિપાલ ।।૭૬।।

[૪]નન્દેંદ્વંકેંદુ વિક્રમવર્ષ ।।
માસજેષ્ઠકૃષ્ણમાહેં મિતી દર્શ ।।
ધોલ પૂર્ણ થયૂં મન વધ્યો હર્ષ ।।૭૭।।

।। ઈતિ શ્રીજીવનજી મહારાજ કૃત દાનલીલાનૂં ધોલ સંપૂર્ણ ।।

૧. **ગોવર્દ્ધન** તે ગોવર્દ્ધનજીમહારાજ.

૨. **ગોકુલોત્સવદાનદક્ષ** એટલે શ્રીગોકુલનેં આનંદ દેવામાં ચતુર પ્રભુ અથવા ભક્તિપ્રભૃતિનૂં દાન દેવામાં ચતુર એવા શ્રીગોકુલોત્સવજીમહારાજ શ્રીજીવનજીમહારાજના પિતા.

૩. આહીં **જીવન** શબ્દ મૂક્યો તેથી જીવનજીમહારાજેં પોતાની છાપ દેખાડી.

૪. વીર**વિક્રમ**ના સંવત્ પ્રમાણે ૧૯૧૯ ઓગણીશસેં ઓગણીશના **વર્ષ**માં **જ્યેષ્ઠવદિ**માં **દર્શ** એટલે અમાસને દાડે આ **ધોલ** સંપૂર્ણ થયૂં.

## || રાસનો ગરબો ||

સરદપુનમની રાત નંદસુત બંસી બજાવી ||
રાસરમણની વાત લાલના મનમાં ભાવી ||૧||

યમુના પુલિન પુનીત શીત સૌરભમંદાનિલ ||
પરસેં વાધી પ્રીત કામરસ થયૂં મન પંકિલ ||૨||

રજની પતિ સુખદાન કાંન દેખી મન હરખ્યા ||
બંસી બજાવી કાન તાન મોહની રસ વરખ્યા ||૩||

|| સાખી ||

બંસી ધુનિ સુણિ સુંદરીજન મન વધ્યો અનંગ ||
વિહ્વલતા-પરવશ થયાં ચિત્ત ચાલ્યૂં શ્યામને સંગ ||૧||

કોએં જમતા તજ્યા ભરથાર બાર શિશુ મેલ્યા રમતાં ||
ઉલટા કર્યા સણગાર નાર તજ્યા મજ્જન ગમતાં ||૪||

કોય ઉલટાં પેહેર્યાં વાસ આસ અંતરમાં હરિની ||
દોહોતી મેલી ગાય જાય જાણે કરિ પ્રતિ કરિની ||૫||

ગુરુજનની તજિ લાજ કાજ મનનો સિદ્ધ કરવા ||
તોડી મરજાદાની પાજ સાજ સાજ્યો રસ ભરવા ||૬||

|| સાખી ||

સદન તજી સઉ સુંદરી ચાલ્યાં હરિને પાસ ||
સરિતા જેમ સાગરભણી મન રાસ રમણની આસ ||૨||

ચલ કચ કુચમણિહાર અપાર શોભા તે ક્ષણમાં ||
શ્રમનો મન ન વિચાર સાર વાધ્યો ઘણો તનમાં ||૭||

કાલિંદીને કૂલ ફૂલ તરુ ફૂલ્યાં સુંદર ||
કમલ કુમુદ અનુકૂલ થયો તે થલસૌરભભર ||૮||

ચંદ્રચંદ્રિકામાંય ચંદમુખિ ચપલાજેવી ।।
નંદનંદન ઘનછાય બનીં એ શોભા કેવી ।।૯।।

।। સાખી ।।

કાલિંદીતટનિકટમાં નટવર ગોકુલચંદ ।।
દેખી મન ટાઢૂં થયૂં પડ્યાં પ્રેમકામને ફંદ ।।૩।।

કર જોડી કહે સઉ બાલ હાલ તમશરણે આંવ્યા ।।
શાંત કરો સ્મર જાલ લાલ અમને મન ભાવ્યા ।।૧૦।।

મદનકોટિ અભિરામ શ્યામ તમ સાર્યે રમવા ।।
મન વાધ્યો બહુ કામ ધામરતિ લાગી નમવા ।।૧૧।।

અધરામૃતનૂં પાન કાન જારેં કરશૂં મુખથી ।।
રેહેશે તારે નિદાન પ્રાણ આ તનમાં સુખથી ।।૧૨।।

।। સાખી ।।

મોરમુગુટ ને કાછની સૂથન ગુંજા માલ ।।
પીતાંબર છબિ મન વસી દેખી લોચન થયાં નિહાલ ।।૪।।

રસિકશિરોમણિ લાલ દયાલ તમે છો મનના ।।
જાણીનેં અબલા બાલ વાલ સુખ આપો તનનાં ।।૧૩।।

દેખી તારેં એવા દીન મીનધજ પરવસ મનના ।।
બોલ્યા તે વચન પ્રવીણ નદીન દયા નિજ જનના ।।૧૪।।

સુખ દેવા પરમ અપાર સાર એના મનનો લેવા ।।
ચિત્તના અતિસુકુમાર મારમોહન રસ રેહેવા ।।૧૫।।

।। સાખી ।।

વધુજન સારાવંશનાં કરે કેમ વ્યભિચાર ।।
કાંત તમારા ઘેર છે તમે ભજશો મને કેમ જાર ।।૫।।

જોયૂં વિપિન સુખકાર વાર યમુનાંના પરસે ।।
સીત સુગંધ ઉદાર ભાર મંદાનિલ સરસે ।।૧૬।।

નિર્મલ ચંદ્ર પ્રકાશ હાસ જાણે રવિજાકેરો ।।
સ્વચ્છ રેણુ જાણે વાસ કાસસુમ દંતનો ઘેરો ।।૧૭।।

નીર તીર વન ઘોર સોર જંતૂનો જેમાં ।।
રજની કાલ કઠોર ફરો કેમ અબલા તેમાં ।।૧૮।।

।। સાખી ।।

કાજ સર્યાં મમ દરસથી જાઓ ગોકુલ ધામ ।।
વાટ તમારી પતિ જુવે તેનાં પૂરાં કરો જઈ કામ ।।૬।।

એવાં વચન સુણી વ્રજબાલ લાલનાં કરકશજેવાં ।।
મનમાં થયાં બેહાલ ચાલ નહીં સૂઝે કેહેવા ।।૧૯।।

નેનકંજથી ધાર વારિની ચાલી જારેં ।।
અધરબિંબ સુકુમાર નારના સૂકયાં તારેં ।।૨૦।।

પદસરસિજઅંગુષ્ઠદષ્ટિથી પરસી ધરણી ।।
મનનાં વાધ્યાં કષ્ટ નષ્ટધનની થઈ સરણી ।।૨૧।।

।। સાખી ।।

ધીરજ મનમાંએ ધરી કરી નેત્ર જલ દૂર ।।
કર જોડી વિનંતી કરે વ્રજસુંદરી પ્રેમનૂં પૂર ।।૭।।

ચિત્ત ચોરીને લાલ હાલ અમને કાં કાઢો ।।
અબલા છયેં અમે બાલ વાલપથ કીધો કાં ટાઢો ।।૨૨।।

છોડીને ચરણસરોજ ઓજ નથી જાવા મનમાં ।।
કરશૂં તે તમથી મોજ ફોજ છે સ્મરની તનમાં ।।૨૩।।

તે પતિ સુત ધન ધામ કામ નથી તેનૂં અમારે ॥
છો તમે સરવે શ્યામ હામ છે રાસની ભારે ॥૨૪॥

જગરૂપી જગદાધાર સાર સહુના છો સ્વામી ॥
તમથી શ્યો વ્યભિચાર મારમોહન નહિ કામી ॥૨૫॥

॥ સાખી ॥

પ્રેરક મન તનનૂં હવે તે તમપાસેં શ્યામ ॥
લોચન તમમુખ લાલચી હવે કેમ જૈયે અમે ધામ ॥૮॥

તમે આનંદઘન રસરૂપ તજે કોણ તમને પ્રાણી ॥
ભોગચતુરના ભૂપ કહે એમ વેદની વાણી ॥૨૬॥

તમસાથેં રસ ભોગ જોગ નિશ્ચે જે પામે ॥
લેશ ન તેને સોગ ઓઘ આનંદનો ધામે ॥૨૭॥

દીનદયાલૂ નાથ હાથ માથે ધરિ દીજે ॥
અભયદાનની ગાથ સાથ અમ રાસજ કીજે ॥૨૮॥

કાત્યાયનીવ્રતઅંત કંત તમે વચન જે દીધૂં ॥
પાલો તેને ધીમંત સંતજન સ્તુતિપથ કીધૂં ॥૨૯॥

॥ સાખી ॥

દીન મીન સમ મધુર વચ સુણિને નંદકિસોર ॥
રાસરમણનૂં પણ કર્યૂં વ્રજસુંદરીજનમનચોર ॥૯॥

નિર્ધનને જેમ ધન તન જેમ નિધનને મલતાં ॥
ક્ષુધિતને જેમ ભોજન મન વાધ્યો હરખ તે વલતા ॥૩૦॥

વ્રજલલના વ્રજચંદ ફંદમાં લીધા તારેં ॥
શરદપુનમનો ચંદ મંદ થયો શોભાભારે ॥૩૧॥

રસદીપન ઉપચાર ચારુચંદન ચંદ્રોજ્વલ ।।
વિવિધ પુષ્પના હાર ભાર સૌરભનો તે સ્થલ ।।૩૨।।

।। સાખી ।।

એલા ક્રમુક લવંગ ને નાગવલ્લી ઘનસાર ।।
બીડી વિવિધસુગંધની માય કાથો ચૂનો ખેરસાર ।।૧૦।।

શ્વેત સ્વચ્છ મૃદુ સેજ તેજ માંએ શશિનૂં ભારી ।।
ડીઠે સ્મર ઉપજેજ કેજ કવિ મનમાં વિચારી ।।૩૩।।

રત્નજટિત ચોસાર થાર સામગ્રીના સુંદર ।।
મુકુર ધર્યા દિસ ચાર વાર પાટલસુગંધભર ।।૩૪।।

સરસગાનની તાન કાન સુણિ ઉપજે રતિ પતિ ।।
વીણામુરજનૂં માન દાન કરે સૂખનૂં તે અતિ ।।૩૫।।

।। સાખી ।।

પુષ્પબાણના બાણ તે સમે થયાં સુખદાન ।।
વ્રજજીવન મલિયા મલ્યૂં જારેં રસિકરીતિનૂં માન ।।૧૧।।

કોએ રતિસુખ પરવસચેત હેતથી હરિને રીઝાવે ।।
વિવિધભાવ સંવેત પ્રીતમને કંટ [કંઠ] લગાવે ।।૩૬।।

નેત્રકમલની સેન મેનભર મનનો જતાવે ।।
બોલે મીઠાં વેન ચેન ઘણૂં મનમા લાવે ।।૩૭।।

ખટરસભોજનથાલ લાલને પાંસે લાવે ।।
મુખમાંએ આપે બાલ રસાલ તે હરિમન ભાવે ।।૩૮।।

।। સાખી ।।

નિજકર કરિ બીડી સરસ રસિકરાય મુખમાંએ ।।
આપે વ્રજલલના લલિત પોતેં તેહેનૂં ચર્વિત ખાય ।।૧૨।।

અધરબિંબ થયા લાલ લાલના લોચનજેવા ॥
દર્પણ લીધૂં બાલ વાલથી પ્રિયકર દેવા ॥૩૯॥

દરપણ લઈ નિજનાથ હાથમાં નિજમુખ જોયૂં ॥
તારે રીઝ્યા અંકમાલ બાલનેં દઈ દુઃખ ખોયૂં ॥૪૦॥

ચોપડ ખેલ રસાલ ચાલ જેમાં રસની ભારી ॥
ખેલે શ્રીનંદલાલ થઈ રતિસુખ તૈયારી ॥૪૧॥

॥ સાખી ॥

કુસુમમાલ કરથી કરી વેણી ભૂષણ અંગ ॥
ધારે એકબીજા મલી વાધ્યા આનંદજલધિતરંગ ॥૧૩॥

ગાએ કેદારો નેં બિહાગ સુહાગ છે સુરનો જેમાં ॥
લયના લાગ્યા બાગ જાગરૂક તાલ છે તેમાં ॥૪૨॥

તાનના ભેદ અનેક એક એકને સમઝાવે ॥
રીઝી કરે તન એક રસિકજનપ્રીતિ વધાવે ॥૪૩॥

કુસુમપ્રચુર પર્યંક અંક ભરિ ભામિનિસાથેં ॥
બેઠા શ્રીકૃષ્ણમયંક શંક તજિ સરસિજહાથેં ॥૪૪॥

॥ સાખી ॥

પરસી મૃદુલ કપોલ ને લોચન લોલ વિસાલ ॥
પ્રિયતમ પ્રિય વાતો કરે ભરે પ્રેમથી લલનાને લાલ ॥૧૪॥

અતિરતિ સુરતસુજાન માન તજિ સુંદરી સંગે ॥
સકલબંધ સુખદાન કાન કીધૂં શ્રમ થયો અંગે ॥૪૫॥

શ્રમસીકર તે અમંદસુગંધયુત એવા શોભે ॥
ધરણીયેં નિરમલચંદ તારા આવ્યા તેના શૂં લોભે ॥૪૬॥

શીતલ તારેં સમીર નીર યમુનાના પરસે ।।
કંજપરાગથી ધીર તીરતરુઘાતે સરસે ।।૪૭।।

તારેં થયો શ્રમ દૂર પૂર સુખનો મનમાયે ।।
રતિપતિ કીધો ચૂર શૂર એવા બે તે ત્યાંયેં ।।૪૮।।

।। સાખી ।।

જલથલકુંજનિકુંજમાં યુવતિપુંજને સાથ ।।
એવા વિવિધ વિહારભર કરિ સુખ દે વ્રજનાથ ।।૧૫।।

અચલ અનંત વિહાર સાર શ્રુતિનો એ કેવલ ।।
કેહેતા ન આવે પાર ધાર મનમાં છે એ ફલ ।।૪૯।।

આનંદમય નંદલાલ બાલ વ્રજની નિકુંજ થલ ।।
પશુ પક્ષી દ્રુમજાલ તાલ સરિતા પ્રસૂન ફલ ।।૫૦।।

એવૂં મનમા જ્ઞાન ધ્યાન એવૂં થિર માગૂં ।।
પ્રેમભક્તિ કરો દાન કાન તમ પદજુગ લાગૂં ।।૫૧।।

।। સાખી ।।

સ્નેહસૌખ્ય નિશ્ચલ કરો જગજીવન નંદનંદ ।।
રસસિંગારસંયોગનો એ પૂરણ થયો પ્રબંધ ।।૧૬।।

સંવત શરયુગનંદશશિ અસિત સપ્તમી વાર ।।
સુરગુરુ ગુર્જર એ મિતી ને આશ્વિનમાસ છે સાર ।।૧૭।।

।। ઈતિ શ્રીજીવનજીમહારાજકૃત રાસનો ગરબો સંપૂર્ણ થયો ।।



# अथ गङ्गाद्विपदी ।

**जय जय त्वं सदानन्ददे जह्नुजे शशिशिखरशिरसि सितकुसुममाले ।।**
**भक्तजनहृदयालवालगतहरिचरणसुरतरुप्रसवभूते रसाले ।।१।।**

।। श्रीकृष्णाय नमः ।।

**वन्देत्यमन्दसौरभमुकुन्दपादारविन्दमकरन्दम् ।।**
**नन्दितनिलिम्पवृन्दं चान्दिरनिष्यन्दसुन्दरं दिव्यम् ।।१।।**

**तत्स्तुतिद्विपदीं श्रीमज्जीवनेशप्रकाशिताम् ।।**
**विवृणोम्येष तोषाय साभिलाषस्वभाषया ।।२।।**

अब गोस्वामि श्रीजीवनजी महाराज नें श्रीगंगाजी की स्तुति की द्विपदी कीनी हे, याकी दोय तुक हें तातें याकों **द्विपदी** कहत हें, या रीतकी द्विपदी संगीत शास्त्रमें प्रसिद्ध हे तथा रत्नावलीनाटिकाप्रभृति काव्यग्रन्थनमें हू कही हे । या द्विपदीको राग कछु नियत नहीं हे, क्यों जो यह लयप्रधान कृति हे तातें जा रागमें गावें ता रागमें गाई जाय ओर ताल चर्चरी हे । या द्विपदी को अर्थ पंचनदि-गट्टूलाला नें लिख्यो हे ।

**जय जय त्वं सदानन्ददे** इत्यादि, हे **जह्नुजे** जह्नुऋषीकी जांघमें सूं उत्पन्न भये अहो श्रीगंगाजी तुम **सदा** सबसूं उत्कर्षयुक्त रहो अथवा वारंवार हमारे सर्वदोषनकूं जीतो, तुम केसे हो **सदानन्ददा** सदा आनन्दकूं देत हो अथवा सत्पुरुषनकों आनन्द देत हो अथवा **सदानन्द** जो भगवत्स्वरूप ताकों देत हो ओर आप केसी हो **शशिशिखर** सो चन्द्रमा जिनके मस्तकमें हे एसे जे महादेवजी तिनके मस्तकपे **सितकुसुममाला** सो श्वेतपुष्पनकी माला जेसी हो अथवा विनके मस्तकपे **सित** सो बांधी एसी पुष्पमाला आप हो । अब जेसें श्वेतपुष्पनकी **माला** श्वेत होत हे, सुगंधयुक्त होत हे, लंबी होत हे ओर मस्तकपे वाके धारणतें मस्तककी शोभा होत हे मनमें **आनन्द** होत हे तेसें गंगाजी हू श्वेत हें अलौकिकसुगन्धयुक्त हें विनको प्रवाह लम्बो जात हे, विनके धारणतें महादेवजीके मस्तककी शोभा होत हे, विनके मनमें **आनन्द** होत हे यातें मालाको रूपक कियो ओर जेसें मालाकूं देखेतें स्पर्श कियेतें आनन्द होत हें तेसें गंगाजीके हू दर्शनस्नानादिकतें

**आनन्द** होत हे । अब माला तो वृक्षके पुष्पनकी होतहे तेसें इहां वृक्ष कोनसो हे जातें गंगाजीरूप पुष्पमाला भई या शंकाको निवारण आधी तुकतें करत हें **भक्तजनहृदयालवाल** इत्यादि **भक्तजन**नके **हृदय**रूप जे क्यारा हैं तिनमें रह्यो एसो जो प्रभुनके चरणारविन्दरूपी कल्पवृक्ष ताके **प्रसवभूत** सो वा चरणारविन्दतें उत्पन्न भयी एसी ओर **प्रसव** एसो पुष्पको हू नाम हे तातें वा कल्पवृक्षके पुष्परूप आप हो एसो हू अर्थ होतहे ओर आप केसी हो **रसाल** सो अत्युत्तम जलवारी अथवा भक्तिरसकूं देवेवारी ओर **माला** में हू मकरन्दरस होत हे ॥१॥

**शिखरितनयानयनरोलम्बचुम्बिते दूरकृतदुरितदौर्गन्ध्यजाले ॥**
**जीवनं भक्तजनजीवनं तव यतस्त्रिविधतापापहं मुक्तिशाले ॥२॥**

**इति श्रीगोकुलोत्सवात्मजगोस्वामिश्रीजीवनजीमहाराजकृता गङ्गाद्विपदी सम्पूर्णा ॥**

अब सुगन्धयुक्तमालाके पास भ्रमर फिरवो करत हे ओर सुगन्धके फेलावसूं दुर्गन्ध हू **दूर** होत हे तेसें इहां कहा हे सो दूसरी तुकके पूर्वार्द्ध में कहत हें **शिखरितनयानयन** इत्यादि **शिखरितनया** सो हिमाचलपर्वतकी पुत्री पार्वतीजी तिनके नेत्ररूपी जे भ्रमर ते सदा आपके पास लागे रहत हें याको अभिप्राय यह जो सपत्नीपनेकी इर्ष्यासूं पार्वतीजी सदा गंगाजीकों देखत हें अथवा भगवच्चरणामृत जानिकें ओर अपने पतिको परमप्रिय शिरोभूषण जानिकें सदा स्नेहसूं देखत हें । अब नेत्रकूं भ्रमरकी उपमा तो साहित्यशास्त्रमें प्रसिद्ध हे या उपमातें नेत्रकी श्यामता चंचलता रसिकता इत्यादि धर्म सूचित किये अब आपकी सेवा करिवेवारे जीवनके पापरूपी दुर्गन्धसमूह आप दूर करतहो यातें हूं 'माला'-पनो योग्य हे । अब गंगाजीकी भक्तितें कहा फल होत हे सो दूसरी तुकके उत्तरार्द्ध में कहत हें तुम्हारो जल जातें **भक्तजन**नको **जीवन** हें ओर जातें आधिदैविक-आध्यात्मिक-आधिभौतिक तीनों प्रकारके **ताप**नकूं दूर करत हे ताहीतें आप सबसूं उत्कर्षतें वर्तो प्रभुनके साक्षात् आधिदैविकचरणामृततें भक्ति बढिकें भक्तजननको **जीवन** होय ओर सब तरहके संसारताप दूर होंय यह योग्य हे ओर 'माला'को हू मकरंदरूप जल भ्रमरनको **जीवन** होत हे सं**ताप** दूर करतहे ओर **मुक्तिशाला** सो आप सबनकों मोक्षदेकें शोभत हो अथवा आप **मुक्ति**की **शाला** सो मोक्षप्राप्तिको स्थान हो जाकूं मोक्ष चहिये सो आपके पाससूं

लें अब या **द्विपदी** को फलितार्थ यह जो महादेवजी सर्व वैष्णवोत्तम हें स्वमार्ग के आचार्य हें याही तें भगवच्चरणामृतरूप गंगाजीको अपुने मस्तकपे पुष्पमालाकीसी नाई आनन्दसूं सदा धारण करतहें ओर गंगाजी भगवच्चरणारविन्दरूप कल्पवृक्षतें प्रकट भये हें यातें ये हू सब मनोरथ पूर्ण करत हें ओर सब पाप दूर करिकें **त्रिविधताप** चूर करिकें भक्तिकी वृद्धि करिकें **भक्त**लोकनकों जिवावतहें श्रीमहाप्रभुननें हू याही रीतसूं गंगाजीको सकलसिद्धिदातृत्व

**''यया चरणपद्मजा मुररिपोः प्रियम्भावुका**
**समागमनतोऽभवत् सकलसिद्धिदा सेवताम् ॥''**

(श्रीयमुनाष्टकम् - ५)

इत्यादि स्थलन में कह्यो हे ।

(श्लोकः ।)

**निःश्रेणी त्रिदिवस्य रौप्यरचिता मुक्तेः पताका सिता**
**कीर्तिर्भूपभगीरथस्य विमला सत्त्वद्रुपुष्पावली ॥**
**संसारोष्णऋतोश्च चन्दनरसो ज्योत्स्नानखेन्दोर्हरेर्-**
**भूमी मौक्तिकमालिकाऽमरधुनी देयादमेयाः श्रियः ॥१॥**

(दोहा ।)

**घनश्यामसुतपञ्चनदि गोवर्द्धनकविनाम ॥**
**गंगाद्विपदीविवृति यह कीनी आधेजाम ॥**

**इति श्रीमद्वल्लभाचार्यमतवर्तिना मोक्षगुरुस्वमातामहगोस्वामि-श्रीव्रजवल्लभचरणैकतानेन विद्वद्रत्नपञ्चनदिघनश्यामभट्टात्मजेन गोवर्द्धनाशुकविना विरचिता गङ्गाद्विपदीविवृतिः सम्पूर्णा ॥**

# अथ यमुनाचतुष्पदी ।

**जयति तरणितनया सदाकृष्णहृदयङ्गमा सुरासुरमनुजप्रथितस्वभूमा ।।**
**तरललहरीलाभलुलितकलिकलितमतिपतिततततिनिरयसूद्धरणकामा ।।१।।**

**संसारिणां मुक्तिकरीं कंसारिरतिवर्द्धिनीम् ।।**
**हंसात्मजे भजे पङ्कध्वंसाय भवतीं भुवि ।।१।।**

अब श्री**यमुना**जी की **चतुष्पदी** गोस्वामि श्रीजीवनजी महाराज नें कीनी हे ताकी टीका पञ्चनदि घनश्यामभट्टजी के पुत्र लाडो बेटीजी के लाला गट्टूलालाजी या नामसुं प्रसिद्ध गोवर्द्धनलालाजीनें करी हे। अब या चतुष्पदी को ताल चर्चरी हे ओर राग कोई नियत नाहि बहुतकरिकें भैरव आदि प्रातःकालके रागनमें याको गावत हें अब याकी प्रथम आधीतुकको अर्थ **तरणितनया** जे सूर्यकी पुत्री श्रीयमुनाजी ते **जयति** सबतें उत्कर्ष करिकें सदा बिराजत हें, वे केसी हैं **सदाकृष्णहृदयङ्गमा** निरन्तर प्रभुनके हृदयमें बिराजवेवारे अथवा प्रभु जिनके हृदयमें बिराजत हें ओर जिनके जलके भीतर क्रीडा करत हें एसी फिर केसी हें **सुरासुरमनुजप्रथितस्वभूमा** देवता और दैत्य और मनुष्य इन सबमें अपुनो ओर अपुने भक्तनको माहात्म्य जिननें प्रसिद्ध कियो हे एसी अथवा सुर ते सात्त्विक ओर असुर ते तामस ओर मनुज ते राजस इन तीनों प्रकारके जीवनकुं अपुने सुखरूप प्रभुनको जे ज्ञान करावत हें एसी यह अभिप्राय ''**सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम्**'' (यमुनाष्टकम् - १) या श्लोकमें तथा **त्रिविधा जीवसङ्घास्तु देवदानवमानवाः** [ ] या नारदपञ्चरात्रवचनमें प्रसिद्ध हे ओर 'भूमा' एसो आनन्दरूपप्रभुनको नाम छान्दोग्य उपनिषत् [ ७.२३ ] के नवम [ सप्तम ] अध्यायमें कह्यो हे तथा व्याससूत्रमें [ **भूमा सम्प्रसादादध्युपदेशात् ।। १.३.८।।** ] प्रथमाध्यायके तीसरे पादमें दूसरे अधिकरणमें कह्यो हे । अब **कृष्णहृदयङ्गमा** या पदके पहिले लिखे तीन अर्थतें ''**सघोषगतिदन्तुरा**'' (यमुनाष्टकम् - २) इत्यादि तीन विशेषणको अर्थ दिखायो ओर **जयति तरणितनया** यातें ''**जयति पद्मबन्धोः सुता**'' (यमुनाष्टकम् - २) इतने अंशको अर्थ स्फुट ही दिखायो एसें श्रीयमुनाष्टकके प्रथम दोय श्लोकको संक्षेपसों तात्पर्य या आधीतुकमें दिखायो अब पहिली तुकके उत्तरार्द्धको अर्थ **तरल** ते चञ्चल इतनें तुरत तुरत आवतीं एसी जे **लहरी** तरङ्ग तिनकी प्राप्तिते **लुलित** सो लोटती इतनें तरङ्गके

धक्कासुं जलमें या आडीसुं वा आडी जाती एसी जो **कलिकलितमतिपतितततति कलि** जो क्लेश अथवा कलियुग ता करिकें युक्त हें बुद्धी जिनकी एसे **पतित**नकी पङ्क्ति ताकों नरकमेतें आछी रीततें उद्धार करिवेकी इच्छावारी श्रीयमुनाजी हें आछीरीततें उद्धार करनो सो नरकयातनारूप अनिष्ट मिटायकें भगवल्लीलारूप इष्ट सम्पादन करनो अब इहां तरङ्गनतें अनेकपतितनको उद्धार श्रीयमुनाजी करत हें यह वर्णन कियो याही तें तरङ्गनको श्रीहस्तरूपता हू दिखायी ओर याही रीतसुं अनेकपतितनकुं पवित्र करिवेकी इच्छातेंही आप भूतलमें पधारे हें यह हू सूचन कियो तातें ''**भुवं भुवनपाविनीं**'' (यमुनाष्टकम् - ३) या श्लोकको अर्थ या आधीतुकमें दिखायो ।।१।।

**कमलनिलयानिलयकमलनयनायनपृथुसुखदशुचिसरणिनीलधामा ।।**
**सुरऋषभदृषत्समभुवननवकञ्जमकरन्दरसपायिमधुपाभिरामा ।।२।।**

अब दूसरीतुकके पूर्वार्द्धको अर्थ **कमलनिलया** जो लक्ष्मीजी तिनके निवासके स्थान एसे जे **कमल** तिनसरखे जिनके नेत्र हें एसे जे प्रभु तिनको **अयन** जो नित्यलीलाधाम ताकी प्राप्तिको मार्गरूप हे श्याम तेज जिनको एसीं श्रीयमुनाजी हें याको भावार्थ यह जो जा गामको जो रस्ता होय ता रस्तासुं ही वा गाममें गयो जाय तेसें श्रीयमुनाजीके श्यामतेजके दर्शनसुं तथा ध्यानसुं भगवल्लीला धामकी प्राप्ति होय । अब यह श्रीयमुनाजीके तेजरूपी मार्ग केसो हे **पृथु** सो बडो जेसें चोडे रस्तामें अनेक मनुष्य एकसंग चले जांय तेसे इहां हू एकसंग अनेक जीव भगवल्लीलाकों प्राप्त होय सकतहें फिर केसो **सुखद** सो सुख देवेवारो जेसें जा मारगमें छायाप्रभृतिको सुख होय पत्थर चोर सिंह इत्यादिकनको कछु दुःख न होय सो मार्ग निरन्तर चले तेसें इहां हू भगवच्चरणछाया प्रभृतिको सुख हे कोई तरह को भी दुःख नाहि, फिर केसो हे **शुचि** सो शुद्ध जो मार्ग शुद्ध होय ताही को शिष्ट आदर करें । अब लक्ष्मीजी के निवासस्थानकमल जेसे प्रभुनके नेत्र इहां कहे यातें श्रीस्वामिनीजी प्रभुनके नेत्रमें सदा बिराजत हें यह सूचन कियो अब या आधीतुकमें श्रीयमुनाजी सुखसुं भगवल्लीला की प्राप्ति करावत हें यह वर्णन कियो यातें ''**मम मनः-सुखं भावय**'' (यमुनाष्टकम् - ४) या श्लोक को अभिप्राय दिखायो अब दूसरी आधीतुकको अर्थ **सुरऋषभ** सो इन्द्र ताको रत्न जो इन्द्रनीलमणि तासरखो श्याम एसो **भुवन** कहिये जल तामें नये जे कमल शोभत हें तिनको **मकरन्दरस** पीवेवारे जे भ्रमर हें तिनकरिकें **अभिराम** सो मनोहर अब इन्द्रनीलमणिसदृश जल कह्यो यातें जेसें उत्कृष्ट

इन्द्रनीलमणि जहां जड्यो होय तहां श्याम शोभा लावे तेसें श्रीयमुनाजीको जल हू अपुने सम्बन्धतें भगवत्सम्बन्धी शोभा लावतहे यह अभिप्राय सूचन कियो यातें ''**यया चरणपद्मजा**'' (यमुनाष्टकम् - ५) या श्लोकको अर्थ दिखायो ओर भगवल्लीला के लियें भ्रमररूप भये एसे जे भक्त तिनकों मकरन्दपान करवायकें विनको क्लेश दूर करत हें यह वर्णन कियो यातें ''**हरिप्रियकलिन्दया**'' (यमुनाष्टकम् - ५) या पदको अर्थ हू दिखायो **॥२॥**

**कृतसलिलमज्जननमज्जनमनोहृतभ्रमनिचयभवजलावर्त्तदामा ॥**
**तटनिकटविस्फालनोच्छलितविमलजलफेनकुलसितापि द्विधा श्यामा ॥३॥**

अब तीसरीतुकके पूर्वार्द्धको अर्थ जलमें स्नान करते एसे ओर प्रणाम करते एसे जे मनुष्य तिनके **मन**मेंतें सबप्रकारके **भ्रम** श्रीयमुनाजी हरिलेतहें ओर संसारपरिभ्रमण हू हरिलेतहें ताही तें मानो आपके जलमें अनेक भोंर पडतहें तिनकी पङ्क्ति माला जेसी शोभत हे अब स्नानादिकतें यमयातनादि संसारपरिभ्रमण दूर होंय ओर **मन**मेंतें सबप्रकारके **भ्रम** दूर होंय एसो जलको माहात्म्य कह्यो ओर मनके सब भ्रम दूर होयवेतें प्रभुनकों वह जीव प्रिय होय यह सूचन कियो ओर प्रमाणको हू फल वर्णन कियो यातें ''**नमोऽस्तु यमुने सदा**'' (यमुनाष्टकम् - ६) या श्लोकको अर्थ दिखायो अब तीसरीतुकके उत्तरार्द्धको अर्थ अब तटके पास निर्मल जल वेगसों जायलगतहे तातें श्वेत फेनके समूह उठतहें तिनतें श्रीयमुनाजी श्वेत होयजातहें तो हू दोप्रकारसों **श्यामा** हें दोप्रकार ये जो एक तो वर्णसों श्याम ओर दूसरें भगवल्लीलामें सदा षोडशवर्षवयः सम्पन्न रहतहें **श्यामा षोडशवार्षिकी** [ ] एसें कोषमें कह्योहे अब इहां फेनके वर्णनतें सबनकों आप निर्मल करतहें ओर निर्मल अलौकिकफल देतहें यह सूचन कियो तातें **ममाऽस्तु तव सन्निधौ** (यमुनाष्टकम् - ७) या श्लोकको अर्थ दिखायो **॥३॥**

**कृष्णजीवनवहा त्वमसि प्रतिदिनमतस्त्रपावशवर्त्तिनी खलु सदा मा ॥**
**मम ममेति विचिन्त्य मनसि घनशर्मदा मामवतु भवभयाच्छौरिवामा ॥४॥**

अब चोथीतुकके पूर्वार्द्धको अर्थ प्रतिदिवस आप **कृष्णजीवनवहा** हो श्यामजलरूपतें बहतहो ओर **कृष्ण** जो प्रभु तिनके **जीवन**को निर्वाह करत हो इतनें प्रभुनकी अत्यन्त प्राणप्यारी हो याहीतें **मा** जो लक्ष्मीजी सो सदा अत्यन्त लज्जावश रहतहें लज्जा यह जो

श्रीयमुनाजीपें प्रभुनको प्रेम मोतें हू अधिक हे । अब इहां लक्ष्मीजीतें श्रीयमुनाजीको उत्कर्ष कह्यो यातें **स्तुतिं तव करोति कः** (यमुनाष्टकम् - ८)या श्लोकको अर्थ स्फुट दिखायो ओर **कृष्णजीवनवहा** या पदमें श्री**कृष्ण**के अंगीकृत जो **जीवन**जी महाराज तिनके अलौकिक फल प्राप्तकरायवेवारी आप हो एसो हू अर्थ होतहे यातें या छेलीतुकमें श्रीजीवनजी महाराजनें अपुनी छाप हू दिखायी अब चोथीतुकके उत्तरार्द्धको अर्थ श्रीयमुनाजी अपुने **मन**में मोकूं यह मेरो हे एसें विचारिकें संसारके भयतें अथवा संसाररूप**भयतें** मेरी रक्षा करो वे केसी हें **घनशर्मदा** सो बहुत अलौकिकसुख देवेवारी अथवा **घन** जो घनश्यामवर्ण प्रभु तिनकों सुख देवेवारी अथवा जीवनकों प्रभुसम्बन्धि सुख देवेवारी फिर केसी हें **शौरिवामा** सो प्रभुनकी चोथीप्रिया । अब इहां प्रभुनकी भक्ति ओर आठ अलौकिक सिद्धि प्रभुनको सन्तोष इत्यादि सर्व अलौकिकसुख देवेवारी श्रीयमुनाजी हें एसे **घनशर्मदा** और **शौरिवामा** इन दोय विशेषणनसूं सूचन कियो ओर संसाररूप**भय**तें छुडायवेकी प्रार्थना कीनी तातें पापनको क्षय ओर स्वभावविजय यह तो अर्थात् सिद्ध भयो तातें इहां **तवाष्टकमिदं मुदा** (यमुनाष्टकम् - ९) या श्लोकको अर्थ दिखायो या रीतसों इहां श्रीयमुनाष्टकको तात्पर्य लेकें समूल सब वर्णन कियो हे **।।४।।**

**।। इति श्रीमद्वल्लभाचार्यचरणैकतानश्रीमद्गोकुलोत्सवात्मजजीवनजी-**
**महाराजविरचिता श्रीयमुनाचतुष्पदी समाप्ता ।।**

## श्लोकः ।

**कलालापेन हंसेन सन्मानसविहारिणा ।।**
**भाति हंससुतायुक्ता मुक्ताहारविराजिता ।।१।।**

## दोहा


**घनश्यामसुतपंचनदि गोवर्द्धनकविनाम ।।**
**जमुनाकीर्तनटिप्पणी कीनी आधेजाम ।।१।।**

**घनश्याम निजजनकके बरनो चरणसरोज ।।**
**मम सबविद्यादायि इक जिनको मुखअंभोज ।।२।।**

**इति श्रीमद्वल्लभाचार्यमतवर्तिना श्रीव्रजवल्लभचरणैकतानेन**

**पञ्चनदिघनश्यामभट्टात्मजगोवर्द्धनाशुकविना कृता श्रीयमुनाचतुष्पदीविवृतिः सम्पूर्णा ।।**

अब ये यमुनाचतुष्पदीकी तथा गंगाद्विपदी की टीका पंचनदिगट्टूलालानें कीनीहे सो संवत् गुन्नीससें अट्ठाईसके १९२८ माघवदि द्वादशी भौमवारके दिन वा दिना अपुनो जन्मदिन जानिकें आज श्रीयमुनाजीको तथा श्रीगंगाजीको कछु वर्णन होय तो आछो एसें बिचारिकें वा ही दिना दुपेहेरपीछें एकप्रहरके सुम्मारमें दोई टीका कीनी याहीतें दोईटीकानकी समाप्तिमें कीनी आधेजाम यह लिख्यो हे ।।



## अस्माकं वैद्यकीय-प्रकाशने

१. बालक संरक्षण पर कुछ महत्त्वपूर्ण सलाह (डॉ. गिरीश सोनी B.H.M.S. )

२. Lessons From The Grand Rounds (For Office Practice)
Authors - Dr. Y. K. Amdekar & Associates.

## अस्माकं लोकभोग्य-प्रकाशनानि

१. દિવ્યપ્રકાશ

i શિક્ષાપત્રનો તત્ત્વસાર

ii શ્રીજીવનજી મહારાજ વિરચિત ધોળ પદો તથા શ્રીયમુનાચતુષ્પદી શ્રીગટ્ટુલાલાજીના ટિપ્પણ સહિત.

२. સૂઆ(શુક)ની વાર્તા (संस्करणद्वयं - बालानां कृते ।)

३. ભક્તરત્નદ્વય (संस्करणद्वयं - बालानां कृते ।)

४. હરિકો ભજૈ સો હરિ કો હોય (संस्करणद्वयं - बालानां कृते ।)

५. શ્રીયમુનાજીનાં નવાખ્યાન

६. तुलसीमालाधारणवादः (श्रीपुरुषोत्तमजी-कृतः व्रजभाषा-गुर्जरभाषाटीका-समेतः ।)

७. श्रीगोकुलाधीशजी के २५ वचनामृत (संस्करणद्वयं व्रजभाषायाम् ।)

८. શ્રીમટ્ટુજી મહારાજશ્રીનાં ૩૨ વચનામૃત

९. पुष्टिकलादर्शन - स्मारिका (गीत-सङ्गीत-सागर-न्यासः)

१०. Vallabhadigvijaya - An interactive animated CD-Rom on the life of Mahaprabhu Shrimad Vallabhacharya

११. कृष्णरसामृत - अष्टछाप संगीत CD (गीत-सङ्गीत-सागर-न्यासः)

१२. नादरस (गीत-सङ्गीत-सागर-न्यासः)

१३. www.Vallabhacharyakrupa.org

✤ મંગલવાદ્યમ્ - માદલની વધાઈ (જન્માષ્ટમી)

✤ Beautiful Birds from Vrajbhoomi (a photographic study)

✤ શ્રીનાથજી સુહામણા

# अस्माकं संस्कृत-प्रकाशनानि

१. श्रीमन्महाप्रभूणां जन्मपत्रिका

२. महानुभावसद्रत्नमालिका (श्रीजीवनजी-महाराज-विरचिता)

३. शिक्षामुक्तावली (श्रीजीवनजी-महाराज-विरचिता)

४. श्रीमत्प्रभुचरणानां जन्मपत्रिका

५. श्रीकृष्णचन्द्राष्टकम् (श्रीकेवलराम-विरचितम्)

६. अग्निहोत्रप्रयोगः (आपस्तम्बीयः)

७. विश्वप्रकाशानुक्रमणिका (श्रीविश्वनाथ-रचित-विश्वप्रकाशग्रन्थान्तर्गता)

८. श्रीगट्टुलालावर्यस्य लघुजीवनचरितम्

९. गीतगोविन्दार्थः (गोस्वामि-श्रीमद्विठ्ठलनाथ-विरचितः) (अप्राप्यः)

१०. लघुस्तोत्रसरित्सागरः

११. The Mahamandir Sanskrit Series Vol. I (प्रहस्तवादः सविवृतिः)

१२. The Mahamandir Sanskrit Series Vol. II (पण्डितकरभिन्दिपालवादः)

१३. तैत्तिरीयशाखानुसारि - १) त्रिकालसन्ध्या २) ब्रह्मचारिणां होमः ३) ज्येष्ठाभिषेकः (सान्द्रमुद्रिका-सहिताः) (प्रकाशकः गीत-सङ्गीत-सागर-न्यासः)

१४. तैत्तिरीय-संहिता (का. ३, प्र. १-२) (सान्द्रमुद्रिका)
(प्रकाशकः गीत-सङ्गीत-सागर-न्यासः)

१५. तैत्तिरीय-शाखायाः मूलग्रन्थाः (४ - MP3 सान्द्रमुद्रिका-सहिताः)
(सहयोगि-संस्था : वेदप्रसारसमितिः)

१६. The Mahamandir Sanskrit Series Vol. III
(माण्डूक्यदीपिका तथा कठोपनिषद्भाष्यम्)

१७. वेत्रस्य श्लोकाः

१८. बालकृष्णचम्प्वाख्यः प्रबन्धः (श्रीजीवनजी-महाराज-विरचितो नासिकनिवासिखाडिल्करोपनामात्माराम-(अपा)-शास्त्रि-प्रणीत-टीका-सहितः)

१९. भागवतपुस्तक-षोडशोपचार-पूजनविधिः (प्रकाशकः गीत-सङ्गीत-सागर-न्यासः)

२०. तैत्तिरीय - ब्रह्मयज्ञः (प्रकाशकः गीत-सङ्गीत-सागर-न्यासः)